dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 135 | AD - 2026, Fagan Sud - 03 | Friday, Dt. 20-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### નવી દિલ્હીમાં આયોજિત ગ્લોબલ એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં પ્રધાનમંત્રીએ સંબોધન કર્યું

# એઆઈ માટે એક સુવ્યવસ્થિત રોડમેપ બનાવવો જરૂરી : પીએમ મોદી

નવી દિલ્હી,તા.૧૯

નવી દિલ્હીમાં આયોજિત ગ્લોબલ એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં ભારતની આધ્યાત્મિક પરંપરા અને આધુનિક ટેકનોલોજી વચ્ચેનો સેતુ સ્પષ્ટ કર્યો. તેમણે જણાવ્યું કે ભારત બુદ્ધની ભૂમિ છે અને ગૌતમ બુધ્ધએ શીખવ્યું હતું કે યોગ્ય કાર્ય હંમેશા યોગ્ય સમજણથી થાય છે. આ સંદેશને આધારે તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) માટે જવાબદાર અને નૈતિક અભિગમ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે એઆઈ માટે એક સુવ્યવસ્થિત રોડમેપ બનાવવો જરૂરી છે, જે સારા ઈરાદા, પારદર્શિતા અને સમયસર લેવામાં આવેલા નિર્ણયોથી માર્ગદર્શિત હોય. ત્યારે જ એઆઈની સાચી અને સકારાત્મક અસર સમાજ પર જોવા મળશે. તેમણે એઆઈ ઈકોસિસ્ટમ માનવ-કેન્દ્રિત અને સંવેદનશીલ હોવી જોઈએ એવી વાત કરી અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સમિટ નૈતિક અને જવાબદાર ડિજિટલ ભવિષ્ય નિર્માણમાં સહાયરૂપ બનશે.

ઈતિહાસનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે માનવજાતે દરેક પડકારને નવી તકમાં ફેરવ્યો છે. આજે એઆઈ એ જ પ્રકારની એક નવી તક છે. સહયોગનું મહત્વ સમજાવતા તેમણે COVID-19 મહામારીનો ઉલ્લેખ કર્યો. તે સમયગાળા દરમિયાન વિશ્વે જોયું કે સાથે મળીને કાર્ય કરવાથી અશક્યને પણ શક્ય બનાવી શકાય છે. રસીઓના વિકાસથી લઈને સપ્લાય ચેઈનના સંચાલન અને લાખો જીવ બચાવવા સુધી, બધું સહયોગથી શક્ય બન્યું. તેમણે કહ્યું કે એઆઈ ક્ષેત્રમાં પણ વૈશ્વિક સહકાર અનિવાર્ય છે.



વડાપ્રધાને "એમ.એ.એન.એ.વી." નામનું વિઝન રજૂ કર્યું. એમ એટલે નૈતિક સિસ્ટમ્સ, એ એટલે જવાબદાર શાસન (એકાઉન્ટએબલ ગવનર્સ), એન એટલે રાષ્ટ્રીય સાર્વભૌમત્વ, એ એટલે સુલભતા અને સમાવેશ, અને વી એટલે માન્ય તથા કાયદેસર વ્યવસ્થા. તેમણે સમજાવ્યું કે એઆઈનો વિકાસ માનવતાના હિતમાં થવો જોઈએ અને ટેકનોલોજીના લાભો સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે.

તેમણે વધુમાં કહ્યું કે એઆઈનું લોકશાહીકરણ કરવું જોઈએ, જેથી માનવીઓ ફક્ત ડેટા પોઈન્ટ કે કાચા માલ તરીકે ન રહી જાય. "અમે એઆઈને મુક્ત લગામ આપવી જોઈએ, પરંતુ તેની દિશા આપણા હાથમાં જ રહેવી જોઈએ," એમ તેમણે જણાવ્યું હતું. તેમણે એઆઈને વૈશ્વિક સામાન્ય ભલા તરીકે વિકસાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો, ખાસ કરીને ગ્લોબલ સાઉથ માટે.

સમિટમાં એમેન્યુઅલ મેક્રોન અને એન્ટોનિયો ગુટેરેસ સહિત અનેક વૈશ્વિક નેતાઓ અને ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા. આ પહેલી વાર છે કે ગ્લોબલ સાઉથના દેશમાં આટલી વિશાળ એઆઈ સમિટ યોજાઈ છે. અંતમાં મોદીએ "સર્વજન હિતાય, સર્વજન સુખાય"ના સિદ્ધાંતને પુનરાવર્તિત કરતાં જણાવ્યું કે એઆઈનો ઉપયોગ સમગ્ર માનવજાતના કલ્યાણ માટે થવો જોઈએ.

# રાજ્યો મફત ખોરાક,વીજળી સહિત અન્ય સુવિધા આપવાનું ચાલુ રાખશે તો નાણા ક્યાંથી આવશે? સુપ્રિમનો સવાલ

ન્યુ દિલ્હી,તા.૧૯

નવી દિલ્હીમાં થયેલી સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાએ ચૂંટણી પહેલાં મફત વસ્તુઓના વિતરણ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી. અદાલતે રાજ્ય સરકારોને પૂછ્યું કે જો તેઓ મફત ખોરાક, મફત વીજળી અને અન્ય સુવિધાઓ આપવાનું ચાલુ રાખશે, તો વિકાસકાર્યો માટે નાણાં ક્યાંથી આવશે?

ઘણા રાજ્યો પહેલેથી જ બજેટ ખાધનો સામનો કરી રહ્યા છે, ત્યારે આવી જાહેરાતો




આર્થિક દબાણ વધારતી હોવાનું અદાલતે નોંધ્યું છે.મામલો ત્યારે ઉઠ્યો જ્યારે તમિલનાડુ પાવર ડિસ્ટ્રિબ્યુશન ક્રોપ્રોએશન લિમિટેડે એ તમામ ગ્રાહકોને, તેમની નાણાકીય સ્થિતિની પરવા કર્યા વિના, મફત વીજળી આપવાની માંગ સાથે અરજી દાખલ કરી. આ પછી "મફત ભેટો" અંગેની ચર્ચા ફરી તેજ બની છે.

અદાલતે સ્પષ્ટ કર્યું કે ગરીબ અને વંચિત વર્ગોને સહાય કરવી રાજ્યની ફરજ છે. પરંતુ જે લોકો ચૂકવણી કરવા સક્ષમ છે તેમને પણ મફત સુવિધાઓ આપવી યોગ્ય નથી. મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી બેન્ચે નોંધ્યું કે મોટાભાગના રાજ્યો આવકમાં ઘટાડો અનુભવી રહ્યા છે, છતાં તેઓ વિકાસને પ્રાથમિકતા આપવાના બદલે મફત યોજનાઓ પર ભાર મૂકી રહ્યા છે. બેન્ચે પ્રશ્નકર્યો કે આવી નીતિઓથી કાર્ય સંસ્કૃતિ પર શું અસર પડશે? જો રાજ્ય સતત મફત સુવિધાઓ આપશે, તો રોજગારી અને ઉત્પાદન ક્ષમતા કેવી રીતે વધશે? અંતમાં અદાલતે જણાવ્યું કે રાજ્યોને રોજગારીની તકો ઊભી કરવા અને માળખાગત વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કલ્યાણ અને આર્થિક શિસ્ત વચ્ચે સંતુલન જાળવવું સમયની માંગ છે.

# દિલ્હી-મુંબઈ સહિત અનેક એરપોર્ટ પર સર્વર ડાઉનથી મુસાફરો પરેશાન

નવી દિલ્હી, તા. ૧૯

દેશના મુખ્ય એરપોર્ટોમાં ગુરુવારે સવારે ટેકનિકલ ખામી સર્જાતા મુસાફરોને ભારે અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો. નેવિટાયરની પેસેન્જર સર્વિસ સિસ્ટમમાં અચાનક સર્વર ડાઉન થવાને કારણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોટ છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોટ સહિત અનેક શહેરોના એરપોર્ટ પર કામગીરી પ્રભાવિત થઈ હતી.



દિલ્હી એરપોર્ટ પર આ સમસ્યા સવારે ૬:૪૫ થી ૭:૩૦ વાગ્યા સુધી રહી હતી. જેના કારણે ઈન્ડિગો, અકાસા એર એર ઈન્ડિયા એક્સપ્રેસ જેવી એરલાઈન્સની ફ્લાઈટ કામગીરી પર અસર પડી હતી. સર્વર બંધ થતાં પેસેન્જર લોગ અને ચેક-ઈન પ્રક્રિયા મેન્યુઅલ રીતે કરવી પડી હતી. પરિણામે ચેક-ઈન કાઉન્ટરો પર લાંબી કતારો લાગી ગઈ અને પ્રસ્થાન વિસ્તારમાં ભારે ભીડ સર્જાઈ હતી.સૂત્રોના જણાવ્યા મુજબ, ઈન્ડિગોએ આશરે ૨૫ મિનિટમાં ખામી દૂર કરી હતી, જ્યારે સવારે ૭:૩૦ વાગ્યા સુધી ટેકનિકલ ફોલ્ટ સંપૂર્ણપણે સુધારી દેવામાં આવ્યો હતો. મુંબઈ એરપોર્ટ પર પણ બોર્ડિંગ પ્રક્રિયામાં વિલંબ નોંધાયો હતો. સિસ્ટમ બંધ રહેતાં એરલાઈન સ્ટાફને કાગળ પર એન્ટ્રીઓ કરવાની ફરજ પડી હતી, જેના કારણે મુસાફરોને કલાકો સુધી રાહ જોવી પડી હતી.




# બિહારમાં શાસક-વિપક્ષ મળી કુલ ૪૨ ધારાસભ્યને પટણા હાઈકોર્ટે નોટીસ ફટકારી

પટણા,તા.૧૯

પટણા હાઈકોર્ટે બિહાર વિધાનસભાના ૪૨ ધારાસભ્યોને નોટિસ મોકલી છે, જેમાં શાસક અને વિપક્ષ બંને પક્ષોના સભ્યોનો સમાવેશ થાય છે. આરોપ છે કે તેમણે પોતાના નામાંકન દરમિયાન સોગંદનામામાં કેટલીક વિગતો છુપાવી હતી અને કેટલાક ધારાસભ્યો પર મતદાન પ્રક્રિયામાં અનિયમિતતાનો



પણ આરોપ છે. અગાઉ હારેલા ઉમેદવારોએ આ બાબતમાં અરજી દાખલ કરી હતી.


વિધાનસભા અધ્યક્ષ પ્રેમ કુમાર, મંત્રી વિજેન્દ્ર યાદવ, ભૂતપૂર્વ મંત્રી જીવેશ મિશ્રા, જેડીયુ ધારાસભ્ય ચેતન આનંદ, આરજેડી ધારાસભ્ય અમરેન્દ્ર પ્રસાદ સહિત ૪૨ ધારાસભ્યોને કોર્ટે લેખિત જવાબ આપવા કહ્યું છે. નામાંકન દરમિયાન સોગંદનામું લોકશાહી પ્રણાલીનો મહત્વપૂર્ણ ભાગ છે, જે મતદારોને ઉમેદવારોની સંપત્તિ અને પૃષ્ઠભૂમિ વિશે સાચી માહિતી આપે છે. ખોટી માહિતી ગંભીર બાબત ગણાય છે.

# પાકિસ્તાનના કરાંચી શહેરમાં ગેસ લીકેજને કારણે વિસ્ફોટ : ૧૬ના મોત



કરાંચી,તા.૧૯

પાકિસ્તાનના કરાચીમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ગુરુવારે વહેલી સવારે ગેસ લીકેજના કારણે થયેલા પ્રચંડ વિસ્ફોટમાં એક રહેણાંક એપાર્ટમેન્ટનો મોટો હિસ્સો ધરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૬ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં છે, જ્યારે ૧૪થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે.સ્થાનિક પોલીસ વડા રિઝવાન પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે વિસ્ફોટની ઘટના કરાચીના ઓલ્ડ સોલ્જર બજાર વિસ્તારમાં બની હતી. પ્રાથમિક માહિતી મુજબ સવારે આશરે ૪:૩૦ વાગ્યે ઈમારતના પહેલા માળે ગેસ લીકેજના કારણે બ્લાસ્ટ થયો હતો. તે સમયે રમઝાન મહિનાનો પ્રથમ રોજો હોવાથી ઘણા લોકો સહેરી માટે જાગેલા હતા. અચાનક થયેલા વિસ્ફોટે આખી ઈમારતને હચમચાવી દીધી અને એક જર્જરિત સ્લેબ ધરાશાયી થયો હતો. પ્રથમ તબક્કામાં ૧૩ લોકોનાં મોતની પુષ્ટિ થઈ હતી, પરંતુ બચાવ કામગીરી દરમિયાન કાટમાળમાંથી વધુ ત્રણ મૃતદેહ મળી આવતા કુલ મૃત્યુઆંક ૧૬ થયો છે. પોલીસ અધિકારી જમશેદ અશરફે જણાવ્યું કે હજી પણ કાટમાળ નીચે કોઈ ફસાયેલો હોય તેવી શક્યતા હોવાથી બચાવકર્મીઓ સતત કામગીરી કરી રહ્યા છે. ફાયર બ્રિગેડના મુખ્ય અધિકારી હુમાયુ ખાન મુજબ મૃતકોમાં ઓછામાં ઓછા ૯ બાળકો સામેલ છે, જેમની ઉંમર ૨ થી ૧૭ વર્ષ વચ્ચે હતી. ઘાયલોમાં પણ સાત બાળકોનો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે કરાચીમાં ગેસની અછતને કારણે નીચી આવકવાળા વિસ્તારોમાં ઘણા લોકો એલપીજી સિલિન્ડરનો ઉપયોગ કરે છે. પ્રાથમિક તપાસ મુજબ ગેસ લીકેજના કારણે જ આ ભયાનક વિસ્ફોટ થયો હોવાનું માનવામાં આવે છે. હાલ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.






શહેરથી ત્રણ કિ.મી. દુર કચેરી બનતા અરજદારોને થશે આર્થિક વ્યય

# બગસરાથી દુર બનેલી મામલતદાર કચેરી ખંઢેર બને તે પહેલા લોકાર્પણની માંગ

બગસરા,તા.૧૯

બગસરામાં જેતપુર રોડ નવી બનેલી પ્રાંત અને મામલતદાર કચેરી હવે ફર્નિચરની રાહમાં ખંઢેર બનવા તરફ જઈ રહી છે. જો કે શહેરથી ત્રણ કિ.મી દુર બનેલી આ કચેરીને કારણે અરજદારોને કામ પતાવવા માટે આર્થિક નુકસાની ભોગવવી પડે તેવુ લાગી રહ્યુ છે. બગસરામાં જેતપુર રોડ પર રૂ.૧ કરોડના ખર્ચે મામલતદાર કચેરી બનાવવામાં આવી રહી છે. શહેરથી દુર બની રહેલી મામલતદાર કચેરીનો જે તે સમયે કોઈ આગેવાનોએ વિરોધ ન કરતા અરજદારોને કચેરીએ કામ પતાવવા માટે રીક્ષા કે અન્ય વાહનોમાં જવુ પડશે જેના લીધે અરજદારોને આર્થિક વ્યયનો સામનો કરવો પડશે. જાણવા મળતી માહિતી


તસવીર : મયુર પંડયા

મુજબ મામલતદાર અને પ્રાંત કચેરીમાં ફર્નિચરનું કામ ચાલુ છે. જો કે છેલ્લાં ઘણા સમયથી બની રહેલી આ કચેરીનું હજુ લોકાર્પણ થયુ નથી. શહેરમાં સ્ટેમ્પ વેન્ડરની સંખ્યા પણ નહીવત હોવાથી લોકોને સ્ટેમ્પ પેપર લેવા માટે અને

**મામલતદાર કચેરી બની ગઈ ત્યાં સુધી કોઈ આગેવાનોએ વિરોધ પણ કર્યો નહી**

આધારકાર્ડમાં કોઈ ફેરકાર કરાવવા માટે ત્રણ કિમી સુધીનો ફેરો કરવો પડશે. હાલ તો કોઈ વિરોધ વગર મામલતદાર કચેરી બની જતા હવે તે ખંઢેર બને તે પહેલા લોકાર્પણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ચિતલની જ્ઞાન ગીતા વિદ્યાલયમાં 'માતૃભાષા સપ્તાહ'ની શાનદાર ઉજવણી

અમરેલી,તા.૧૯

ગુજરાત સાહિત્ય અકાદમી અને સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે ચિતલ સ્થિત જ્ઞાન ગીતા વિદ્યાલય ખાતે માતૃભાષા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પાથર, વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ વિજયભાઈ દેસાઈ, મનસુખભાઈ નાડોદા અને લોકસાહિત્યકાર કૌશિકભાઈ દવે જેવા મહાનુભાવો



ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સંચાલન બીપીનભાઈ દવેએ સંભાળ્યું હતું, જ્યારે મુખ્ય વક્તા ગોરધનભાઈ ભેસાણીયાએ માતૃભાષાનું મહત્વ સમજાવી પ્રાસંગિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર આયોજનમાં સંયોજક તરીકે કનવર કનુભાઈ લીંબાસીયા અને શાળાના આચાર્ય નિલેશભાઈ લીંબાસીયાએ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ઝોન પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા સંગઠનને મજબૂત બનાવવાના હેતુથી વિધાનસભા મુજબ મંડળના ઝોન પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે. તારીખ ૧૬/૦૨/૨૦૨૬ના રોજ જાહેર કરાયેલ યાદી મુજબ મહામંત્રીઓને જવાબદારીઓ સોંપવામાં આવી છે જેમાં રાજુભાઈ ભુતૈયાને ધારી, ખાંભા, ચલાલા, બગસરા, અમરેલી અને કુંકાવાવ પંથકના મંડળોની જવાબદારી સોંપાઈ છે તો ચેતનભાઈ શિયાળને લાઠી, દામનગર અને બાબરા પંથકના મંડળોના પ્રભારી તરીકે નિયુક્ત થયા છે જયારે મયુરભાઈ માંજરીયા સાવરકુંડલા, લીલીયા, રાજુલા અને જાફરાબાદ પંથકના મંડળોનો કાર્યભાર સંભાળશે.

# અમરેલી નગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭ રૂ.૧.૧૩ અબજનું અંદાજપત્ર રજૂ

**શહેરની સુવિધામાં વધારો થશે, મોડેલ ફાયર સ્ટેશન બનશે**

અમરેલી,તા.૧૯

અમરેલી નગરપાલિકા કારોબારી સમિતિની બેઠકમાં અમરેલી નગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. બેઠકમાં કુલ રૂ. ૧,૧૩,૪૪,૪૪,૦૦૦ નું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. આ બજેટ રૂ. ૯,૩૧,૦૦૦ ની પુરાંતવાળુ બજેટ છે.અમરેલી શહેરની સુખ સુવિધાઓમાં વધારો થાય તેમજ નાગરિકોની સુખાકારી વધે તે લક્ષ્યાંક સાથે શહેરી સુવિધાઓમાં વધારો થશે, રોડ રસ્તાના આધુનિકીકરણ પર ફોકસ થશે, મોડેલ ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશનની યોજનાકીય ગ્રાન્ટમાંથી અંદાજે રૂ. પાંચ કરોડના ખર્ચે શહેરના અલગ અલગ સ્થળોએ એલ.ઈ.ડી લાઈટીંગ પોલ, એન્ટ્રી લાઈટીંગ ગેટ, બોક્ષ કલ્વર્ટ, પાણીના બોર, અવેડા, આંગણવાડીઓને કંપાઉન્ડ વોલ, ઓક્સિજન પાર્ક, વૃક્ષારોપણ, સી.સી રોડ રસ્તા, તેમજ સ્પોર્ટ્સ લગત સુવિધાઓ વધશે.ઉપરાંત સરકારની ઓ.જી. ગ્રાન્ટ હેઠળ અંદાજે રૂ. ૫ કરોડના ખર્ચે આઉટગ્રોથ વિસ્તારમાં રોડ રસ્તાના વિકાસકાર્યો, તેમજ ગૌરવપથ હેઠળની ગ્રાન્ટ અંતર્ગત રૂ. ૫ કરોડના ખર્ચે શહેરના મુખ્ય ત્રણ રસ્તાઓ સિવિલ હોસ્પિટલ રોડ, સેન્ટર પોઈન્ટથી મણીનગર રોડ, ભીડભંજન મહાદેવ મંદિરથી ચક્કરગઢ રોડ બાયપાસને આઈકોનિક રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. "મુખ્યમંત્રી શહેરી સડક યોજના" હેઠળ અંદાજિત રૂ.પાંચ કરોડના ખર્ચે શહેરના રોડ રસ્તાઓના વિકાસકામો પણ હાથ ધરવામાં આવશે. ઉપરાંત સ્ટોર્મ વોટર ડ્રેનેજની કામગીરી કરવામાં આવશે.શહેરના લાઠી રોડ પર નવો ટાઉનહોલ બનાવવામાં આવશે. શહેર સુંદર યોજના હેઠળ રૂ. ૧૨૫ લાખના ખર્ચે રસ્તાઓના બ્યૂટીફિકેશનની કામગીરી પણ કરવામાં આવશે. જિલ્લાકક્ષાનું અદ્યતન ફાયર સ્ટેશન આકાર પામશે જેના થકી આગ લાગવાની આકસ્મિક ઘટનાઓ સમયે મદદ મળશે. શહેરના બાયપાસ રોડ પર આવેલ રોકડીયા સરોવરને અમૃત સરોવર તરીકે વિકસિત કરવામાં આવશે.આ બજેટમાં શહેરના લોકોની પ્રાથમિક સુવિધાઓ, આરોગ્ય અને સુખાકારીને કેન્દ્રમાં રાખીને સર્વાંગી વિકાસનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમરેલી નગરપાલિકા કારોબારી સમિતિની બેઠકમાં કારોબારી સમિતિ ચેરમેન શ્રી મનિષભાઈ ધરજીયા સહિત સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા તેમ નગરપાલિકા ચીફ ઓફીસરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# GTUની બી. ફાર્મ સેમ-૭ની પરીક્ષામાં ગજેરા મહિલા ફાર્મસી કોલેજ પ્રથમ સ્થાને

અમરેલી,તા.૧૯

GTU દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ B.Pharm. સેમ. VIIની લેવાયેલી પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત, (અમરેલી) સંચાલિત શ્રીમતી સી. વી. ગજેરા મહિલા ફાર્મસી કોલેજે યુનિવર્સિટીમાં ટોપટેનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેમાં ભાડ



અંજલી જે. કોલેજ ફર્સ્ટ-૯.૨૦SPI, મોરડીયા હિર એ. કોલેજ સેકન્ડ-૯.૧૦SPT અને ટીંબડીયા દ્રષ્ટિ જે. કોલેજ થર્ડ-૯.૧૦SPT મેળવ્યા હતા. કોલેજનું કુલ પરિણામ ૯૭% સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ જાહેર થતાં સ્ટાફ,સ્ટુડન્ટ્સ-રેન્કરને શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ) તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# વિજપડીનાં તલાટી મંત્રીની મનમાની સામે તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત

વિજપડી,તા.૧૯

વિજપડી ગ્રામ પંચાયતનાં તલાટી મંત્રી મનમાની કરતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જેમાં નામ કમી કરતા પહેલા સામેવાળાને નોટીસ આપ્યા વગર નામ કમી કરવામાં આવે છે. ભલામણ વગર આકારણીનો દાખલો કાઢી આપવામાં આવતો નથી, ગ્રામ પંચાયતનું ભાડું ભરવા જાય તો તમે દબાણ કર્યુ છે તેમ કહી ધમકી આપવામાં આવે છે. તલાટી મંત્રી મનફાવે ત્યારે અમદાવાદ જતા રહે છે. વેરો ભરવા જતા અરજદારને જૂની પહોંચ લેતા આવો તેમ કહેવામાં આવે છે.કચેરીમાં રહેલા રજીસ્ટરમાં કોનો કેટલો વેરો બાકી છે તેમ તેની માહિતી હોતી નથી? તેવો સવાલ ઉઠવા પામ્યો છે. સહિતના મુદે સાવરકુંડલા તાલુકાના વિકાસ અધિકારીને તલાટી મંત્રી સામે કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ છે.

# સાવરકુંડલાથી દ્વારકા સુધીના ચતુર્થ પદયાત્રા સંઘનું આજે પ્રસ્થાન થશે

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલાથી દ્વારકા પદયાત્રા સંઘનું સમસ્ત ભરવાડ સમાજ દ્વારા સતત ચોથા વર્ષે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક યાત્રામાં સાવરકુંડલા શહેર સહિત આજુબાજુના વિવિધ જિલ્લાઓ અને તાલુકાઓમાંથી ૭૦૦થી વધુ પદયાત્રીઓ જોડાશે. આજે સવારે પદયાત્રાના પ્રસ્થાન પૂર્વે માલધારી ચોક સ્થિત રાધાકૃષ્ણ મંદિર ખાતે અનેક ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે, જેમાં સવારે ૧૦:૦૦ કલાકે મહાયજ્ઞની પૂર્ણાહુતિ થશે. ૧૧:૦૦ કલાકે તમામ પદયાત્રીઓ અને ભાવિકો માટે વિશાળ મહાપ્રસાદ (ભંડારા)નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાપ્રસાદના મુખ્ય દાતા પરમ પૂજ્ય મહંત શ્રી મસા પીર બાપુ (મોમાઈ માતાજીનું મંદિર, નાના ઝીંઝુડા) છે. મહાપ્રસાદ ગ્રહણ કર્યા બાદ તમામ પદયાત્રીઓ રાધાકૃષ્ણ મંદિરેથી દ્વારકા જવા માટે પ્રસ્થાન કરશે. આ સંઘમાં માત્ર એક સમાજ નહીં પણ સર્વ સમાજ અને વિવિધ તાલુકાઓના ધર્મપ્રેમી જનતાનો અનેરો સહયોગ સાંપડી રહ્યો છે.

# મોટા ભંડારીયા કૃષિ મહાવિદ્યાલય ખાતે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૯

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત કાર્યરત મોટા ભંડારીયા સ્થિત કૃષિ મહાવિદ્યાલય ખાતે ગત તારીખ ૧૮-૦૨-૨૦૨૬ ના રોજ થેલેસેમિયા ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ નિયામક, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ, જુ.કૃ.યુ., જુનાગઢ તથા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના



સહયોગથી યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમિયાન કોલેજના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓના બ્લડ સેમ્પલ એકત્ર કરવામાં આવ્યા હતા. સાથે જ થેલેસેમિયા વિશે વિદ્યાર્થીઓને જરૂરી માહિતી અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ ટેસ્ટ કેમ્પમાં કુલ ૬૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.સમગ્ર કેમ્પનું સફળ આયોજન મોટા ભંડારીયા કૃષિ મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ ડૉ. ડી. એસ. કેલૈયાના સીધા માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કિરણ ચંદ્રવાડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# વાવેરાની પે સેન્ટર શાળામાં માતૃપિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૧૯

રાજુલા તાલુકા નજીક આવેલા વાવેરામાં પે. સેન્ટર શાળા ખાતે માતૃપિતૃ વંદના કાર્યક્રમ–૨૦૨૬નું ગૌરવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા-પિતાએ ઉત્સાહભેર હાજરી આપી હતી. વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું વંદન કરી તેમની પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને


તસવીર : ગોપાલ રાઠોડ

સંસ્કારનો અનોખો સંદેશ આપ્યો હતો. આ દ્રશ્યોને જોઈ ઉપસ્થિત મહેમાનો અને વાલીઓ ભાવવિભોર બની ગયા હતા. શાળાના આચાર્યએ જણાવ્યું હતું કે, માતા-પિતા બાળકના જીવનના પ્રથમ ગુરુ છે. તેમના સંસ્કાર, ત્યાગ અને માર્ગદર્શનથી જ બાળકનું વ્યક્તિત્વ ઘડાય છે અને તે જીવનમાં સફળતાની ઊંચાઈએ પહોંચે છે.

તેમણે વિદ્યાર્થીઓને હંમેશા માતા-પિતાનો માન-સન્માન રાખવા પ્રેરણા આપી. સમગ્ર કાર્યક્રમનું સુચિત અને અસરકારક સંચાલન શાળાના શિક્ષક રિયાઝભાઈ સુરાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં માતા-પિતાપ્રતિ આદર અને સંસ્કારના મૂલ્યો વધુ મજબૂત બન્યા હતા.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા
ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી
વગેરેના ટાયર
10% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો
ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

## રાજુલા–જાફરાબાદ પંથકમાં અધૂરા કામો અને ડાયવર્ઝન બન્યા જોખમકારક

# ભાવનગર - સોમનાથ નેશનલ હાઈવે પર વધતા અકસ્માતો: બેદરકારી કે વ્યવસ્થાની ખામી?

જાફરાબાદ,તા.૧૯

અમરેલી જિલ્લામાંથી પસાર થતો ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે છેલ્લા કેટલાક સમયથી અકસ્માતોની વધતી ઘટનાઓને કારણે ચર્ચામાં આવ્યો છે. ખાસ કરીને રાજુલા-જાફરાબાદ પંથકમાં હાઈવે ઓથોરિટી હેઠળ કામ કરતી એજન્સીઓ દ્વારા અધૂરા કામો અને લાંબા સમયથી યથાવત રાખવામાં આવેલા ડાયવર્ઝનને કારણે નિર્દોષ લોકો જીવ ગુમાવી રહ્યા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે.જાફરાબાદ તાલુકાના છેલણા ગામ નજીક વર્ષોથી એક ડાયવર્ઝન રાખવામાં આવ્યો છે, પરંતુ ત્યાં કોઈ સેફટી સાઈન બોર્ડ કે ચેતવણી સૂચક બોર્ડ મૂકવામાં આવ્યા નથી. પરિણામે પુરપાટ ઝડપે આવતા વાહનચાલકોને અચાનક વળાંક આવતાં અકસ્માત સર્જાઈ રહ્યા છે. આગળ કાગવદર-ભટવદર વિસ્તારમાં પણ એક ડાયવર્ઝનન કાઢવામાં આવ્યું છે. ટીંબીથી ચારનાળા સુધીના વિસ્તારમાં બે ડાયવર્ઝનન હોવાને કારણે અકસ્માતોની સંખ્યા સતત વધી રહી છે.માહિતી મુજબ, છેલ્લા એક વર્ષમાં ૨૫થી વધુ અકસ્માતોની ઘટનાઓ નોંધાઈ ચૂકી છે, જેમાં ૫થી વધુ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો છે. અગાઉ નાગેશ્રી પોલીસ દ્વારા બાઈક અકસ્માતના કેસમાં હાઈવે ઓથોરિટીની બેદરકારી બદલ


તસવીર : બાબુભાઈ વાઢેળ

ગુનો નોંધવામાં આવ્યો હતો. ડાયવર્ઝન વિસ્તારમાં ધૂળના ઢગલા રાખવામાં આવતા દશ્યતા ઘટી જાય છે, જે અકસ્માતનું એક મુખ્ય કારણ બની રહ્યું છે. ગઈકાલે રાત્રે જાફરાબાદ તાલુકાના કાગવદર ગામ નજીક ડાયવર્ઝન પાસે ટ્રક અને કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારચાલકને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ નાગેશ્રી પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરાઈ છે.સ્થાનિક ગ્રામજનો દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટીના પ્રોજેક્ટ મેનેજર સામે ગુનો નોંધવાની માંગ ઉઠી રહી છે. લોકોનો આક્ષેપ છે કે વારંવાર અકસ્માતો છતાં ડાયવર્ઝન દૂર કરવા અથવા યોગ્ય સેફટી વ્યવસ્થા કરવા માટે કોઈ અસરકારક પગલાં લેવાતા નથી. જાફરાબાદ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળાએ જણાવ્યું હતું કે રોડના અધૂરા અને નબળા કામોને કારણે સતત મેન્ટેનન્સ કરવાની જરૂર પડે છે. કાગવદર અને છેલણા નજીક વર્ષોથી રાખેલા ડાયવર્ઝન હવે જરૂરી નથી, છતાં તેઓ હટાવવામાં આવ્યા નથી. અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો હોવાથી તાત્કાલિક ડાયવર્ઝન દૂર કરી હાઈવેના જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. નેશનલ ઓથોરિટીના ડાયરેકટર વિદિત જૈને જણાવ્યું હતું કે, કામગીરી જેમ બને તેમ વહેલી પૂર્ણ કરાવી ડાયવર્ઝન ખુલે તેવા પ્રયાસો કરવામાં આવશે.

## અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની ચૂંટણીને લઈ

# જિલ્લા કલેકટર, પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ હાજીર હો! હાઈકોર્ટનું તેડુ

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં બોર્ડ ઓફ ડીરેકટરની ચૂંટણની નહી કરતા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવતા હાઈકોર્ટે વધુ સુનાવણી આજે શુક્રવારના રોજ રાખેલ છે. અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક બોર્ડ ડીરેકટરની અગાઉ ૨૦૨૧માં ચૂટણી થઈ હતી. જેની મુદત આગામી ૧૪ માર્ચનાં રોજ પૂર્ણ થતી હોય ત્યારે ૯૦ દિવસ પહેલા ચુંટણી કરવા માટે દરખાસ્ત કરવાની હોઈશકે જેથી ગત તા.૧૦ ડીસેમ્બરના રોજ જિલ્લા રજીસ્ટારને ચૂંટણી કરવા માટે દરખાસ્ત મોકલવામાં આવી હતી. તા.૫ જાન્યુઆરીના રોજ અમરેલી કલેકટર દ્વારા પ્રાંત અધિકારીને ચૂંટણી કરવા સત્તા આપતો હૂકમ કરવામાં આવેલ હતો. જેમાં સરકાર દ્વારા આગળની કોઈ કાર્યવાહી ન થતા જિલ્લા બેંક દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવેલ હતી. આ બાબતની હાઈકોર્ટે ગંભીર નોંધ લઈ રાજય સરકારના રજીસ્ટાર કો. ઓપરેટીવ મિતેષભાઈ પંડયા, કલેકટર વિકલ્પ ભારદ્વાજ પ્રાંત અધિકારી નાકીયા, જિલ્લા રજીસ્ટ્રાર સંદિપ અનિયાલીયા, મામલતદાર વરૂને હાઈકોર્ટે નોટીસ પાઠવી છે.

# અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ રાજ્ય સરકારના ઐતિહાસિક બજેટને આવકાર્યું

અમરેલી, તા.૧૯

તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ને બુધવારના રોજ વિધાનસભા ગૃહમાં ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવેલ બજેટ-૨૦૨૬ ને અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ આવકાર્યું છે. તેમણે આ બજેટને ગુજરાતના ઈતિહાસનું વિક્રમી અને ઐતિહાસિક ગણાવી રૂ. ૪,૦૮,૦૫૩ કરોડનું બજેટ રજૂ કરવા બદલ ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો છે. પૂર્વ સાંસદે બજેટ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના @૨૦૨૭ વિકસિત ભારતના વિઝનને સાકાર કરવાની દિશામાં મદદરૂપ થવા ગુજરાત



સરકાર દ્વારા આ ઐતિહાસિક બજેટ રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટમાં રાજ્યના ગરીબ, ગામડું, મહિલાઓથી લઈ ખેડૂતો એમ તમામ વર્ગના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ જોગવાઈઓ સાથે નવી યોજનાઓ અને પરિયોજના છે. ગુજરાતના ઈતિહાસનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ રજૂ કરવા બદલ પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ અંતમાં પુનઃ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

## કમાણી સાયન્સ કોલેજ અને કર્મભૂમિ ચેરિટેબલ ટ્રસ્ટનો સંયુક્ત ઉપક્રમે

# અમરેલીમાં "સશક્ત યુવા અને ભગવદ્ ગીતા" વિષય પર પરિસંવાદ યોજાયો

અમરેલી,તા.૧૯

અમરેલીની પ્રતાપરાય આર્ટસ અને કમાણી સાયન્સ કોલેજ તથા રાજ્ય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સ્થાપિત 'કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ'ના સંયુક્ત ઉપક્રમે આજરોજ "સશક્ત યુવા અને ભગવદ ગીતા" વિષય પર એક પ્રેરણાદાયી પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સિપાલ ડો. એ. જે. ચંદ્રાવાડિયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. મંત્રીના અંગત મદદનીશ ભાવેશભાઈ ભાલિયાએ ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈ.સી. મેમ્બર દિપકભાઈ વઘાસિયા અને ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અલકાબેન ગોંડલિયા ઉપસ્થિત રહ્યા હતા.



મુખ્ય વક્તા તરીકે ડો. કનુભાઈ કરકરે અત્યંત રસપ્રદ શૈલીમાં અને તળપદી કાઠિયાવાડી ભાષામાં ગીતાના શ્લોકોનું પઠન કરી વિદ્યાર્થીઓને તેનું જીવનલક્ષી મહત્વ સમજાવ્યું હતું.

વક્તવ્ય બાદ વિદ્યાર્થીઓ માટે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં તેમના મૂંઝવતા પ્રશ્નના સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નિવૃત્ત અધ્યાપક વિજયભાઈ દવેએ કર્યું હતું. અંતમાં, મનીષભાઈ સિદ્ધાપરા અને પ્રો. જે. એમ. તળાવિયાએ કાર્યક્રમની વ્યવસ્થા બદલ તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજુલાની સંઘવી પ્રા. શાળા નં. ૪ ખાતે 'જનજાગૃતિ મેળો'યોજાયો

રાજુલા,તા.૧૯

રાજુલા તાલુકાની સંઘવી પ્રાથમિક શાળા નં. ૪ ખાતે 'નવભારત સાક્ષરતા કાર્યક્રમ' અંતર્ગત ભવ્ય જનજાગૃતિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ૧૫ વર્ષથી વધુ વયના નિરક્ષર નાગરિકોને શિક્ષણ પ્રત્યે જાગૃત કરી સાક્ષરતા તરફ વાળવાનો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા નાયબ શિક્ષણ અધિકારી જી.એમ. સોલંકી, રાજુલા TPEO એસ. કે. સુમરા સહિત સાવરકુંડલાના શિક્ષણ


તસવીર : ગોપાલ રાઠોડ

અધિકારીઓ અને બી.આર.સી. કોર્ડિનેટરો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ શિક્ષણનું મહત્વ સમજાવી સાક્ષરતા અભિયાનમાં જોડાવા આહવાન કર્યું હતું. શાળાના આચાર્ય સંજયભાઈ આદ્રોજા અને સમગ્ર સ્ટાફની જહેમતથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.


શું તમને સાંભળવાની તકલીફ છે ?

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


# સાવરકુંડલા શહેરના કાપેલધાર પાસેથી ૧૦૫ નંગ ચપટા મળ્યા

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલામાં કાપેલધાર પાસેથી પોલીસે એક યુવકને ૧૦૫ નંગ ચપટા સાથે ઝડપી પાડ્યો હતો.

શિલ્પેશભાઈ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળા પાસેથી પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની નાની કાચની તેમજ પ્લાસ્ટીકના ચપટા બોટલો નંગ-૧૦૫ મળી કુલ કિં.રૂ.૧૧,૧૧૫નો પ્રોહી મુદ્દામાલ મળી આવ્યો હતો. ખાંભાના મોટા સરાકડીયા ગામેથી ૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ૬ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# અવસાન નોંધ

**બગસરા**

જેતપુર નિવાસી મહેશભાઈ કાંતિભાઈ ગણાત્રા ઉંમર વર્ષ ૭૦ તે નીરવભાઈ, નિકુંજભાઈ, વૈશાલીબેન આડતીયના પિતા તેમજ શાંતિલાલ વલ્લભદાસ મશરૂના જમાઈ તેમજ પ્રવીણભાઈ, ગોરધનભાઈ, મુકેશભાઈ, અશોકભાઈ, સુરેશભાઈના બનેવી તા ૧૬ સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.જેમનું બેસણું તા ૨૦ ને શુક્રવાર ના રોજ સાંજે ૩ થી ૫ ગોપાલ ચોક, જુના વાઘણીયા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા,**

લાભુબેન ભીખુગીરી ગોસાઈ (ઉં.વ.૮૦) તે જગદીશગીરી ભીખુગીરી ગોસાઈ તથા અનિલગીરી ભીખુગીરી ગોસાઈના માતૃશ્રીનું તા.૧૮/૨/૨૬ ને બુધવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું સદગતનું બેસણું તા.૨૦/૨/૨૬ ને શુક્રવાર ના રોજ સાંજે ૪ થી ૬ કલાક સુધી રાધાક્રિષ્ન હોલ, જૈન બોડિંગ પાસે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા,**

રંજનબેન મુકુંદભાઈ વણજારા( ચક્ષુ દાતા )તે ગો.વા.મુકુંદભાઈ ચુનીલાલ વણજારાના પત્ની તથા ગો. વા.વિનોદભાઈ તથા અરવિંદભાઈ તથા ગો.વા.શરદભાઈ તથા પ્રકાશભાઈ(પી.સી.)ના ભાભી તથા હસુભાઈ તથા નંદકિશોરભાઈ તથા સ્વ.યોગેશભાઈ-ભાવનગર ના બેન નું તા.૧૮/૨/૨૬ ને બુધવાર રોજ અવસાન થયેલ છે. તેમનું સદગતનું બેસણું તા.૨૦/૨/૨૬ ને શુક્રવાર ના રોજ સાંજે ૪ થી ૬ લોહાણા બૉડિંગ, મહુવા રોડ,સાવરકુંડલા ખાતે રાખેલ છે.પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.


TET/TAT/CCE
કોન્સ્ટેબલ/PSI
સ્પોકન ઇંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો.૯૮૭૯૭ ૬૯૪૫૧



BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.૧૦/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી કસ્તુરબેન દુર્લભભાઈ પરમાર,
રહે.દેદાની દેવળી, ગામ-દેદાની દેવળી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત દેદાની દેવળી, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના દેદાની દેવળી ગામના રહીશ દુર્લભભાઈ જીવનભાઈ પરમાર તથા કસ્તુરબેન દુર્લભભાઈ પરમારના પુત્રી શાન્તાબેન દુર્લભભાઈ પરમારનો જન્મ તારીખ.૦૧/૦૬/૧૯૬૪ ના રોજ કોડીનાર તાલુકાના દેદાની દેવળી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત દેદાની દેવળી, તાલુકો-કોડીનાર સને ૧૯૬૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૫૬/૨૦૨૬

અરજદાર :- શ્રી માળવિયા ઉમેશભાઈ બાબુભાઈ
રહે.વાંકીયા, તા. જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.વાંકીયા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદાર શ્રી માળવિયા ઉમેશભાઈ બાબુભાઈ તેઓના પુત્ર જીગર ઉમેશભાઈ માળવિયાની જન્મ(તા.૧૪/૦૧/૨૦૦૨)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૨૭/૨૦૨૫

અરજદાર :- શ્રી દિનેશભાઈ નાજાભાઈ મકવાણા
૩૫/૩૬, બહ્માણીનગર, ૯૯ શોપિંગ સેન્ટરની બાજુમાં,
સાયન રોડ, અમરોલી સુરત

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ચાંપાથળ, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચાંપાથળ ગામમાં અરજદારશ્રી દિનેશભાઈ નાજાભાઈ મકવાણાએ તેઓની પોતાની જન્મ(તા.૦૧/૦૬/૧૯૭૮)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# લાખાપાદર અને બગસરાની શાળાઓનું નામ ઝવેરચંદ મેઘાણી સાથે જોડાશે

**જિલ્લા પંચાયતનો સર્વાનુમતે ઠરાવ, શાળાઓમાં પ્રતિમા અને સાહિત્ય કોર્નર સ્થાપાશે**

અમરેલી,તા.૧૯

ઝવેરચંદ મેઘાણીએ ધારી તાલુકાના લાખાપાદર અને બગસરા ગામની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કર્યો હતો. તેમના સન્માનમાં અમરેલી જિલ્લા પંચાયતે બંને શાળાઓનું નામ તેમની સાથે જોડવાનો સર્વાનુમતે ઠરાવ મંજૂર કર્યો છે. લાખાપાદર પ્રાથમિક શાળાનું નામ "રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા" રાખવાનો અને બગસરા પ્રાથમિક શાળા નં. ૧નું નામ "પી.એમ. શ્રી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નં. ૧" રાખવાનો નિર્ણય લેવાયો છે.મેઘાણીએ ઈ.સ. ૧૯૦૬માં લાખાપાદર અને ઈ.સ. ૧૯૦૭થી



૧૯૦૯ દરમિયાન બગસરા શાળામાં અભ્યાસ કર્યો હતો. તેમની સ્મૃતિને અવિનાશી બનાવવા તેમના પ્રપોત્ર દ્વારા નામકરણની દરખાસ્ત કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની ખાસ સામાન્ય સભામાં રમીલાબેન ધોરાજીયાએ દરખાસ્ત રજૂ કરી હતી અને અશ્વિનભાઈ કુંજડીયાએ તેને ટેકો આપ્યો હતો. બંને શાળાઓમાં મેઘાણીની પ્રતિમા, સાહિત્ય કોર્નર, રેખાચિત્ર અને જીવનવિષયક માહિતી દર્શાવતી તકતી મૂકવાની યોજના છે. આ કાર્ય માટે પીજીવીસીએલ નાણાકીય સહયોગ આપી રહ્યું છે.

# અમરેલીમાં પીસીપીએનડીટી એક્ટ હેઠળ જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

**ગેરકાયદે ગર્ભ પરીક્ષણ સામે કલેક્ટરની લાલ આંખ**

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને તાજેતરમાં જિલ્લા સલાહકાર સમિતિની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય સ્ત્રી




ભ્રૂણ હત્યા અટકાવવા અને પીસીપીએનડીટી (PCPNDT) એક્ટનું ચુસ્ત અમલીકરણ કરવાનો હતો. કલેક્ટરે સ્પષ્ટ સૂચના આપી હતી કે જિલ્લામાં ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કે ગર્ભપાત જેવી પ્રવૃત્તિઓ કરતા તત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.આ બેઠક દરમિયાન સમિતિની પુનઃરચના, જિલ્લા સલાહકાર સમિતિની નવેસરથી રચના કરવામાં આવી હતી. સોનોગ્રાફી સેન્ટરો અને હોસ્પિટલોના રિન્યુઅલ રજિસ્ટ્રેશનને મંજૂરી આપવામાં આવી અને સ્ત્રી ભ્રૂણ પરીક્ષણ જેવી પ્રતિબંધિત પ્રવૃત્તિઓ રોકવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

# અમરેલીમાં ગંભીર ચોરીના ગુનામાં એડવોકેટ પિન્ટુ ગોરખીયાની ધારદાર રજૂઆત, ત્રણ આરોપીઓના જામીન મંજૂર

અમરેલી,તા.૧૯

અમરેલીના બાબરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં રૂ.૧.૬૫ લાખની કિંમતના એલ્યુમિનિયમ વાયરો અને કેબલ ડ્રમની ચોરીના ગુનામાં ધરપકડ કરાયેલા આરોપીઓને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના જજ રિઝવાના બુખારીએ જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાથી અગાઉ તેમની આગોતરા જામીન અરજી રદ થઈ હતી. જોકે, અમરેલીના એડવોકેટ પિન્ટુ ગોરખીયાએ નામદાર કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે માત્ર પેન્ડિંગ કેસોના આધારે કોઈને દોષિત માની શકાય નહીં. 'પ્રિ-ટ્રાયલ પનિશમેન્ટ' ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ છે તેવી ધારદાર કાયદાકીય રજૂઆતો અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને રાખી અદાલતે ત્રણેય આરોપીઓની જામીન અરજી મંજૂર કરી છે. આ સફળતા બદલ એડવોકેટ ગોરખીયા પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# બાબરાના ગરણી ગામે અસરગ્રસ્ત મકાનની જિલ્લા પંચાયત સભ્યએ મુલાકાત લીધી

**પ્રભાતભાઈ કોઠીવાળે જવાબદાર અધિકારીઓ સાથે ચર્ચા કરી**

અમરેલી,તા.૧૯

બાબરા તાલુકાના ગરણી ગામે વહેલી સવારના સમયે એક રહસ્યમય ધડાકો થતા સમગ્ર પંથકમાં ભય અને



આશ્ચર્યનો માહોલ ફેલાયો હતો. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ તાત્કાલિક અસરગ્રસ્ત સ્થળે પહોંચ્યા હતા. તેમણે જે મકાનમાં ધડાકો થયો હતો તેની મુલાકાત લઈ નુકસાનનું નિરીક્ષણ કર્યું હતું. આ આકસ્મિક દુર્ઘટનાથી આઘાતમાં સરી પડેલા નાગજીભાઈ ચોપડા અને તેમના પરિવારને સાંત્વના પાઠવી હતી. ધડાકાનું કારણ હજુ અકબંધ હોવાથી, પ્રભાતભાઈએ જવાબદાર અધિકારીઓ સાથે ચર્ચા કરી યોગ્ય તપાસની ખાતરી આપી છે.

# વડિયાના તરઘરી ગામે પતિએ પત્ની પર શંકા કરી માર મારી ગાળો દીધી

વડિયા, તા. ૧૯

વડિયા તાલુકાના તરઘરી ગામે પરિણીતા પર શારીરિક અને માનસિક ત્રાસની એક ઘટના સામે આવી છે. જેમાં પતિએ પત્નીને ઢીકાપાટુનો માર મારી, ગાળાગાળી કરી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. હાલ અમરેલીમાં રહેતા દયાબેન સંજયભાઈ ખુમાણ (ઉ.વ.૩૫) એ તરઘરી ગામે રહેતા પતિ સંજયભાઈ કેશુભાઈ ખુમાણ તથા વિનોદભાઈ કેશુભાઈ ખુમાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પતિ દ્વારા તેમના પર ખોટી શંકા-કુશંકાઓ રાખીને અવારનવાર વિવાદ કરવામાં આવતો હતો. આ વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. પતિએ તેમને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો અને જાહેરમાં અભદ્ર ગાળો આપી અપમાનિત કરી હતી.જ્યારે વિનોદભાઈ કેશુભાઈ ખુમાણે પણ ગાળો આપી તથા મારવા માટે દોડ્યા હતા.

## અમરેલી, ધારીના કાથરોટા ગામે હાર્ટ એટેકથી બે પુરુષના મૃત્યુ

અમરેલી, તા.૧૯

ધારી અને અમરેલી શહેરમાં બે પુરુષના હાર્ટ એટેકથી મૃત્યુ થયા હતા. અમરેલીમાં રહેતા રાજેશભાઈ ભલાભાઈ મકવાણાએ જાહેર કર્યા મુજબ, ભલાભાઈ પ્રેમજીભાઈ મકવાણાનું હાર્ટ એટેક આવી જવાથી ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ જતા હતા ત્યારે મૃત્યુ થયું હતું. બીજા બનાવમાં ધારીના કાથરોટા ગામે રહેતા ચંદુભાઈ ટપુભાઈ ભોજવીયાએ જાહેર કર્યા મુજબ અશોકભાઈ ટપુભાઈ ભોજવીયાનું હાર્ટ એટેક આવવાથી મોત થયું હતું.

# અમરેલી જિલ્લાના રોડ રસ્તા પર અકસ્માતની વધુ ત્રણ ઘટના નોંધાઈ

**ધરાઈ ગામ પાસે ટ્રક ચાલકે અચાનક બ્રેક મારતા બાઈક પાછળ ઘૂસી ગયું**

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાના રોડ રસ્તા પર યમરાજના આંટાફેરા વધ્યા હોય તેમ અકસ્માતની વધુ ત્રણ ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. બાબરાના ધરાઈ ગામ પાસે હાઈવે પર એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. ટ્રક ચાલકની બેદરકારીને કારણે એક જ પરિવારના પાંચ સભ્યો અકસ્માતનો ભોગ બન્યા હતા, જેમાં ૩ વર્ષની બાળકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અંગે મૂળ મધ્ય પ્રદેશના અને હાલ મોટા દેવળીયા ગામે વાડીએ રહેતા દિનેશભાઈ કૈલાસભાઈ ડોડવે (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, તેઓ પોતાના સાળાના ઘરે આંટો મારીને પરત ફરી રહ્યા હતો ત્યારે આ દુર્ઘટના ઘટી હતી. તેઓ પોતાની પત્નિ રમતીબેન અને ત્રણ બાળકો સાથે બાઈક પર સવાર થઈને રાત્રે આઠેક વાગ્યે ધરાઈ ગામથી નીકળ્યા હતા. ધરાઈ બસ સ્ટેશનથી થોડે દૂર હાઈવે પર આગળ જઈ રહેલા ટ્રક (નંબર: GJ-૦૪-W-૬૩૩૩) ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવી, કોઈપણ સાઈડ આપ્યા વિના અચાનક જોરદાર બ્રેક મારી દીધી હતી. બાઈક સવાર પરિવાર બરાબર ટ્રકની પાછળ હોવાથી, બાઈક સીધું જ ટ્રકના પાછળના ભાગે ભટકાયું હતું. આ અથડામણમાં પરિવારના સભ્યોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક માનવતા નેવે મૂકીને વાહન સાથે ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. અકસ્માતની બીજી ઘટના નેસડી સાવરકુંડલા રોડ ઉપર બની હતી. આ અંગે ચેતનભાઈ નનુભાઈ પડસાલીયા (ભરવાડ) ઉ.વ.૧૯ એ મોટર સાયકલ નંબર જીજે-૦૫-એસ.ક્યુ ૪૪૭૭ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તા.૧૪/૦૨/૨૬ ના તેમના પિતા ઈજાપામનાર નનુભાઈ મંગળાભાઈ પડસાલીયા મોટર સાયકલ લઈને સાવરકુંડલા આવતા હતા. રાત્રીના આઠેક વાગ્યાની આસપાસ નેસડી અને સાવરકુંડલા વચ્ચે ગૌશાળા નજીક મોટર સાયકલ નંબર જીજે ૦૫ એસ.ક્યુ ૪૪૭૭ ના ચાલકે રોંગ સાઈડમા આવી તેના પિતાને ટક્કર મારી હતી. જેમાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. જિલ્લામાં અકસ્માતનો ત્રીજો બનાવ કાગવદર ગામ પહેલા ડાયવર્ઝન પાસે નેશનલ હાઈવે ઉપર બન્યો હતો. રાજુલામાં રહેતા કરણભાઈ પ્રકાશભાઈ કોટડીયા (ઉ.વ.૨૮)એ ટ્રક નંબર GJ-૧૪-AT-૨૮૪૬ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તથા તેમના કૌટુંબિક ભાઈ રોહીતભાઈ અશોકભાઈ કોટડીયા તા.૧૭/૦૨/૨૦૨૬ ના સાંજના આશરે છએક વાગ્યા આસપાસ રોહીતભાઈની ફોરવ્હીલ ગાડી રજી. નં.GJ-14-AP-8635 વાળી લઈને ગરાળ ગામે ગયા હતા. ત્યાંથી પરત રાજુલા આવતા હતા અને રાત્રીના આશરે નવેક વાગ્યા દરમિયાન તેઓ કાગવદર ગામ પહેલા હાઈવે રોડ ઉપરના ડાયવર્ઝન પાસે પોંહચતા સામેથી આવેલા ટ્રકે તેમની ફોરવ્હીલ કાર સાથે આગળના ભાગે ભટકાડી હતી.જેમાં તેમના ભાઈ રોહીતભાઈને માથાના ભાગે તથા ચહેરા ઉપર ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ તેમને પગના સાથળના ભાગે ફેકચર થાય તેવી ગંભીર ઈજા તથા શરીરે સામાન્ય ઈજા થઈ હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૨૦-૦૨-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૫૫,
સૂર્યાસ્ત-૦૬:૧૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૨૦-૦૨-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# સાવરકુંડલાની શ્રી આંબરડી માધ્યમિક શાળામાં બોર્ડના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

સાવરકુંડલા, તા. ૧૯

સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી ૨૬ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ (હાયર સેકન્ડરી) બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. લાખો વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ કારકિર્દીના પ્રથમ સોપાન તરફ આગળ વધવા જઈ રહ્યા છે, ત્યારે સાવરકુંડલાની શ્રી આંબરડી માધ્યમિક શાળા ખાતે ધોરણ-૧૦



અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે એક પ્રેરક 'વિદાય સમારંભ' અને શુભેચ્છા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં તણાવમુક્ત રહીને કેવી રીતે ઉત્તમ પ્રદર્શન કરવું તે અંગેનું વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા દરેક વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મેળવી પોતાના પરિવાર અને શાળાનું નામ રોશન કરવા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. વર્ષો સુધી જે શાળામાં અભ્યાસ કર્યો, તે શાળામાંથી વિદાય લેતા વિદ્યાર્થીઓ માટે વાતાવરણ ભાવુક બન્યું હતું. વિદ્યાર્થીઓએ પણ પોતાના શિક્ષકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# નાના ભમોદ્રા ગામના પ્રૌઢનું ઝેરી દવા પીધા બાદ સારવારમાં મોત

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામે પ્રૌઢે ઝેરી દવા પીધા બાદ સારવારમાં મોત થતાં પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા. બનાવ અંગે દિપકભાઈ મુકેશભાઈ ભાટકીયા (ઉ.વ.૩૩) એ જાહેર કર્યા મુજબ, મુકેશભાઈ બચુભાઈ ભાટકીયા (ઉ.વ.૬૨)એ કોઈ અગમ્ય કારણોસર કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. જેથી તેમને સારવાર અર્થે લઈ જવાયા હતા. સારવાર દરમિયાન તેઓ મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. બી. મારૂ વધુ તપાસ કરી રહ્યા છે. રાજુલાના ચાંદલીયાડુંગર ખાતે માલઢોરના પાણી પીવાના અવેડામાં રમતાં રમતાં પડી જવાથી દોઢ વર્ષની બાળકીનું મોત થયું હતું.

# રામવાળાની વાવડી ગામે જમીન વેચાણના વિવાદમાં મનદુ:ખ થતા વૃદ્ધ ઘરેથી નીકળી ગયા

ધારી, તા.૧૯

રામવાળાની વાવડી ગામે જમીન વેચાણના સોદામાં સર્જાયેલા વિવાદ અને દબાણને કારણે એક વૃદ્ધ ઘરેથી કોઈને પણ કહ્યા વગર ચાલ્યા ગયા હોવાની ઘટના સામે આવી હતી. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા તપાસ શરૂ કરવામાં આવી હતી. ધારીના વેકરિયાપરામાં રહેતા ક્રીષ્નાબેન ભાભલુભાઈ ખુમાણ (ઉ.વ.૧૯)એ જાહેર કર્યા મુજબ, તેના પિતા ભાભલુભાઈ આપાભાઈ ખુમાણ આશરે એક વર્ષ પહેલા રામવાળાની વાવડી ગામના રહેવાસી રણુભાઈ મેરામભાઈ વાળા સાથે પોતાની સાડા આઠ વીઘા જમીનનો વેચાણ બાનાખત કર્યો હતો. આ સોદા પેટે ભાભલુભાઈએ રણુભાઈ પાસેથી રૂ.૮,૨૧,૦૦૦ (આઠ લાખ એકવીસ હજાર) સોદા પેટે એડવાન્સ લીધા હતા. આ જમીન સંયુક્ત ખાતાની હોવાથી, પરિવારના અન્ય સભ્યોની સહી લેવાની જવાબદારી રણુભાઈએ પોતે લીધી હતી. જોકે, ત્યારબાદ રણુભાઈ પોતાની વાત પરથી ફરી ગયા હતા અને આપેલી રકમ પરત લેવાની ના પાડતા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ, રણુભાઈ અને તેમના ભાઈ બાબભાઈ વારંવાર ફોન કરીને ભાભલુભાઈ પર દસ્તાવેજ કરી આપવા માટે સતત દબાણ કરતા હતા. આ માનસિક તાણ અને સતત આવતા ફોનથી કંટાળીને અને મનમાં લાગી આવતા, ભાભલુભાઈ ઘરેથી કોઈને કશું જ કહ્યા વગર પોતાની મેળે ક્યાંક ચાલ્યા ગયા હતા.

# કુકાવાવ તાલુકાના લુણીધાર ગામે વીજ કરંટ લાગતા ભેંસનું મોત

**સીમ વિસ્તારમાં પશુ ચરાવતી વખતે બની ઘટના**

વડિયા, તા.૧૯

કુકાવાવ તાલુકાના લુણીધાર ગામની સીમમાં વાડીના શેઢે લગાવેલા લોખંડના તારમાં વીજ કરંટ ઉતરતા એક દુધાળી ભેંસનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંગે માલઢોર ચરાવવાનો ધંધો કરતાં અભાણાભાઈ કાળાભાઈ જાપડા (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, લુણીધાર ગામની સીમમાં આવેલી અરવિંદભાઈ ધનજીભાઈ હપાણીની વાડીમાં પશુઓ ચરી રહ્યા હતા. પશુપાલક પોતાની ગાયો અને ભેંસોને લઈને સીમમાં ચરાવવા ગયા હતા. ચરાવતી વખતે એક ભેંસ વાડીના પૂર્વ બાજુના શેઢા તરફ ગઈ હતી. વાડીના રક્ષણ માટે લાકડાના થાંભલા પર લોખંડના તાર બાંધવામાં આવ્યા હતા. કમનસીબે આ તારમાં વીજ પ્રવાહ ઉતરેલો હતો. જેવી ભેંસ આ તારને અડી, કે તુરંત જ તેને જોરદાર ઈલેક્ટ્રિક શોક લાગ્યો હતો. વીજ કરંટ એટલો જોરદાર હતો કે રૂ.૬૦,૦૦૦ની કિંમતની ભેંસનું મોત નીપજ્યું હતું.આ ઘટનાને પગલે આસપાસના પશુપાલકોમાં પણ ચિંતાની લાગણી ફેલાઈ હતી. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી.ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# વિકાસનું વિઝન એટલે ગુજરાતનું બજેટ

ગુજરાત સરકારનું વર્તમાન નાણાકીય વર્ષ માટેનું બજેટ રાજ્યનું ઐતિહાસિક અને દિશાસૂચક બજેટ ગણાય છે. રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરાયેલું આ બજેટ અંદાજે ચાર લાખ કરોડ રૂપિયા કરતાં વધુનું છે, જે ગયા વર્ષની સરખામણીએ આશરે દસ ટકા વધારે છે.

રાજ્યની આર્થિક ક્ષમતા અને સર્વાંગી વિકાસના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને આ બજેટ તૈયાર કરવામાં આવ્યું છે. સરકારનો મુખ્ય ભાર **'GYAN'** એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ પર કેન્દ્રિત રહ્યો છે.

ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ઘર મળવાનું સ્વપ્ન સાકાર કરવા વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. ત્રણ લાખથી વધુ આવાસ નિર્માણનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાળ આવાસ યોજના અને હળપતિ આવાસ યોજના જેવી યોજનાઓ હેઠળ મળતી સહાય ૧.૨૦ લાખ રૂપિયાથી વધારીને ૧.૭૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. આ નિર્ણય ગરીબ પરિવારો માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

યુવાનોને રાજ્યની સૌથી મોટી શક્તિ માનવામાં આવ્યા છે. ગુજરાતની અંદાજે ૩૬ ટકા વસ્તી યુવાનોની છે, તેથી શિક્ષણ અને કૌશલ્ય વિકાસને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે. શિષ્યવૃત્તિ માટે ૪,૮૨૭ કરોડ રૂપિયાની જોગવાઈ રાજ્યની પ્રતિબદ્ધતા દર્શાવે છે. દસ જિલ્લાઓમાં વીસ સ્થળોએ સમરસ કુમાર અને કન્યા છાત્રાલય બનાવવાની જાહેરાત કરવામાં આવી છે, જેમાં ૧૩ હજારથી વધુ વિદ્યાર્થીઓને નિવાસની સુવિધા મળશે. આ પગલું ગ્રામ્ય અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપશે.

ખેડૂતો માટે પણ બજેટમાં નોંધપાત્ર જોગવાઈ કરવામાં આવી છે. દિવસે વીજળી ઉપલબ્ધ કરાવવા માટે ૨,૧૭૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. કિસાન ક્રેડિટ કાર્ડ પર ચાર ટકા વ્યાજ રાહત માટે ૧,૨૫૨ કરોડ રૂપિયાની જોગવાઈ છે. કૃષિ સાધનો અને મિની ટ્રેક્ટર માટે ૧,૬૧૨ કરોડ રૂપિયા ફાળવાયા છે. સિંચાઈ અને જળ સંચાલન માટે ૩,૦૦૦ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવશે, જે ખેતીને લાંબા ગાળે સ્થિરતા આપશે.

નારી શક્તિને સશક્ત બનાવવા 'સખી સાહસ' યોજના જાહેર કરવામાં આવી છે. મહિલાઓને સાધન સહાય, લોન ગેરંટી અને તાલીમ માટે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવાયા છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાની જાહેરાત મહિલાઓની સુરક્ષા અને આત્મનિર્ભરતા તરફનું મહત્વપૂર્ણ પગલું છે.

આ ઉપરાંત રમતગમત, પર્યટન, ઉદ્યોગ અને કૃત્રિમ બુદ્ધિમત્તા જેવા ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર ફાળવણી કરવામાં આવી છે. કુલ મળીને આ બજેટ વિકાસનું દ્રષ્ટિપત્ર છે. હવે તેની સાચી કસોટી એ રહેશે કે જાહેર કરાયેલી યોજનાઓનો લાભ સામાન્ય નાગરિક સુધી કેટલી ઝડપથી અને અસરકારક રીતે પહોંચે છે.

# સ્વિટ્ઝર્લેન્ડના જિનિવામાં બેઠક બીજી બાજુ અમેરિકી સૈન્યની તૈનાતીથી તણાવ વધ્યો

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે જિનિવામાં ચાલી રહેલી પરમાણુ ચર્ચા વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મિડલ ઈસ્ટમાં સૈન્ય હાજરીમાં વધારો કર્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકાએ ૫૦થી વધુ F-૩૫, F-૨૨ અને F-૧૬ ફાઈટર જેટ તૈનાત કર્યા છે. ટ્રમ્પે અગાઉ યુએસએસ જેરાલ્ડ આર ફોર્ડ સહિત બીજા એરક્રાફ્ટ જવાજને મોકલ્યા હતા.ઓમાનની મધ્યસ્થતામાં જિનીવામાં ચર્ચા બાદ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ તેને 'ગંભીર અને રચનાત્મક ગણાવ્યું છે. દરમિયાન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સે કહ્યું કે ઈરાને હજુ સુધી ટ્રમ્પની બધી રેડ લાઈન પરમાણુ હથિયાર ન બનાવવાની શરત હજી સ્વીકારી નથી.રાષ્ટ્રપતિ ટ્રમ્પની નવી ડિપ્લોમેસી ના કારણે યુએસ રાજદ્વારીઓ હાંસિયામાં ધકેલાયા છે. વિટકોફ અને કુશનર બધી ડીલ ફાઈનલ કરી રહ્યા છે.અમેરિકા અને ઈરાન મિત્રતાથી વેર સુધીની વાત રસપ્રદ છે.અમેરિકા અને ઈરાનના સંબંધો છેલ્લા સાત દાયકામાં ભારે ઉતાર-ચઢાવમાંથી પસાર થયા છે. એક સમય હતો જ્યારે બંને દેશો નજીકના સાથીદાર હતા. આજે બંને વચ્ચે અવિશ્વાસ, પ્રતિબંધો અને સૈન્ય તણાવનો માહોલ છે.

આ પરિવર્તન પાછળ ઈતિહાસ, રાજકારણ અને પ્રાદેશિક શક્તિ સંતુલનના અનેક પરિબળો જવાબદાર છે.૧૯૫૦ના દાયકામાં અમેરિકા અને ઈરાન વચ્ચે મજબૂત વ્યૂહાત્મક સંબંધો હતા. ૧૯૫૩માં ઈરાનના વડાપ્રધાન મોહમ્મદ મોસદિકને સત્તાચ્યૂત કરવાની ઘટના મહત્વપૂર્ણ હતી. આ પગલાંમાં અમેરિકી ગુપ્તચર એજન્સી CIAની ભૂમિકા રહી હોવાનું માનવામાં આવે છે. ત્યારબાદ શાહ મોહમ્મદ રેઝા પેહલવીને અમેરિકાનુ ખુલ્લુ સમર્થન મળ્યુ. શાહના શાસનકાળ દરમિયાન ઈરાન પશ્ચિમનો નજીકનો મિત્ર ગણાતો હતો. તે સમયમાં અમેરિકા ઈરાનને સૈન્ય અને આર્થિક સહાય આપતું હતું.

પરંતુ ૧૯૭૯ની ઈરાની ક્રાંતિએ સમગ્ર દિશા બદલી નાખી. આયાતોલ્લાહ નેતૃત્વમાં થયેલી ઈસ્લામિક ક્રાંતિ પછી શાહ સત્તા વિમુખ થયા. નવા શાસને અમેરિકા વિરોધી વલણ અપનાવ્યું. ત્યારબાદ ઈરાનની કટોકટી તીવ્ર બની. તેહરાન સ્થિત અમેરિકી દૂતાવાસમાં ૫૨ અમેરિકન નાગરિકોને ૪૪૪ દિવસ સુધી બંધક બનાવવામાં આવ્યા. આ ઘટનાએ બંને દેશો વચ્ચેના સંબંધો તોડી નાખ્યા. અમેરિકા એ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લગાવ્યા.

આગામી દાયકાઓમાં તણાવ યથાવત રહ્યો. ઈરાન પર



આરોપ લગાવવામાં આવ્યા કે તે મિડલ ઈસ્ટમાં સશસ્ત્ર જૂથોને સમર્થન આપે છે. બીજી તરફ ઈરાનનું કહેવું રહ્યું કે અમેરિકા પ્રાદેશિક રાજકારણમાં દખલ આપે છે. ૨૦૦૦ પછી ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને વિવાદ વધી ગયો. અમેરિકા અને પશ્ચિમી દેશોએ શંકા વ્યક્ત કરી કે ઈરાન પરમાણુ હથિયાર બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે ઈરાને દાવો કર્યો કે તેનો કાર્યક્રમ શાંતિપૂર્ણ ઉર્જા હેતુઓ માટે છે.૨૦૧૫માં મહત્વપૂર્ણ કરાર થયો તે મુજબ ઈરાને તેના પરમાણુ કાર્યક્રમ પર મર્યાદા સ્વીકારી અને તેના બદલે આર્થિક પ્રતિબંધોમાં રાહત મળી. આ કરાર બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન થયો હતો. પરંતુ ૨૦૧૮માં ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા ને આ કરારમાંથી બહાર ખેંચ્યું. ત્યારબાદ ઈરાન પર ફરીથી કડક પ્રતિબંધો લગાવાયા. ઈરાને પણ કેટલીક શરતોનું પાલન બંધ કર્યું. પરિણામે તણાવ ફરી વધી ગયો.

૨૦૨૦માં અમેરિકી ડ્રોન હુમલામાં રાજકીય આગેવાનના મૃત્યુથી પરિસ્થિતિ વધુ ગંભીર બની. ઈરાને તેનો બદલો લેવા મિસાઈલ હુમલા કર્યા. જોકે સંપૂર્ણ યુદ્ધ ટળ્યું, પણ અવિશ્વાસ ઊંડો થયો. ત્યારથી બંને દેશો સીધી અથડામણ ટાળે છે, પરંતુ પરોક્ષ રીતે એકબીજાના હિતોને પડકારતા રહ્યા છે.

હાલના સમયમાં પરમાણુ મુદ્દો ફરી કેન્દ્રમાં છે. જિનિવામાં ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે અમેરિકા મિડલ ઈસ્ટમાં સૈન્ય તૈનાતી વધારી રહ્યું છે. અમેરિકાનું કહેવું છે કે તે પોતાના સાથી દેશોની સુરક્ષા માટે તૈયાર છે. ઈરાન કહે છે કે તે દબાણ હેઠળ ચર્ચા નહીં કરે. આ પરિસ્થિતિમાં બંને દેશો વચ્ચે વિશ્વાસનો અભાવ સ્પષ્ટ દેખાય છે.

વર્તમાન તણાવ માત્ર પરમાણુ કાર્યક્રમ પૂરતો મર્યાદિત નથી. ગાઝા સંઘર્ષ, યમન અને સીરિયા જેવા પ્રદેશોમાં પ્રોક્સી જૂથો મારફતે પ્રભાવ વધારવાની હોડ પણ કારણભૂત છે. અમેરિકા ઈરાનને અસ્થિરતા ફેલાવવાનો આરોપ મૂકે છે, જ્યારે ઈરાન અમેરિકાને પ્રાદેશિક દખલંદાજ ગણાવે છે. આ પરસ્પર આરોપોથી વાતાવરણ વધુ તંગ બને છે.

અમેરિકા અને ઈરાનના સંબંધો આજે સંકટ અને સંભાવના વચ્ચે ઉભા છે. ચર્ચા સફળ થશે તો તણાવ ઘટી શકે છે. નિષ્ફળતા વધુ પ્રતિબંધો અને સૈન્ય દબાણ તરફ દોરી શકે છે. ઈતિહાસ દર્શાવે છે કે બંને દેશો વચ્ચે વિશ્વાસ સ્થાપિત કરવો સરળ નથી. છતાં, રાજદ્વારીનો માર્ગ ખુલ્લો રહે તે વૈશ્વિક શાંતિ માટે જરૂરી છે.

ઈરાન સાથે ચાલી રહેલી પરમાણુ ચર્ચામાં ઔપચારિક અમેરિકી રાજદ્વારીને બદલે સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર કેન્દ્રમાં છે. વિટકોફ વિશેષ દૂતના પદ પર છે, જ્યારે કુશનર કોઈ સરકારી પદ પર નથી. આનાથી સવાલ એ ઉઠી રહ્યો છે કે ટ્રમ્પે અમેરિકી રાજદ્વારીઓને બાજુ પર રાખીને તેમના બે વિશ્વાસુ વ્યક્તિને જવાબદારી સોંપી છે. ખરેખર, ટ્રમ્પ માને છે કે સ્ટેટ ડિપાર્ટમેન્ટનું માળખું ધીમું અને જટિલ છે જ્યારે વ્યવસાયિક માનસિકતા ધરાવતા 'ડીલમેકર' સીધા પરિણામો આપી શકે છે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન કુશનર અબ્રાહમ કરારના મુખ્ય રણનીતિકાર હતા. વિટકોફ અને કુશનરને ૨૦૨૫ના ગાઝા યુદ્ધવિરામ અને બંધકોને મુક્ત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ જોડી હવે યુક્રેન-રશિયા ચર્ચામાં પણ સક્રિય છે. ટ્રમ્પ તેમના પર વિશ્વાસ કરે છે કારણ કે તેઓ પોતાને 'ડીલ ગાઈજ' કહે છે. ટીકાકારોએ કહ્યું કે કુશનરે સાઉદી અરેબિયા, કતાર અને યુએઈના ફંડમાંથી અબજો ડોલર એકઠા કર્યા હતા. વિટકોફ પરિવારની ક્રિપ્ટો કંપનીમાં વિદેશી રોકાણ આવ્યું. આનાથી હિતોના સંઘર્ષની શક્યતા વધી જાય છે.

વોશિંગ્ટનમાં ગાઝા પીસ બોર્ડની બેઠક, મુખ્ય યુરોપિયન દેશો અળગા રહ્યા હતા. ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'ની પ્રથમ બેઠક આજે વોશિંગ્ટનમાં યોજાશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૬૦થી વધુ દેશોને આમંત્રણ આપ્યું છે જેમાંથી આશરે ૨૦થી ૨૬ દેશો જોડાવાની અપેક્ષા છે. જોકે, યુરોપના મોટા દેશોએ આ સમિટથી અંતર રાખવાની જાહેરાત કરી છે. તેમનું કહેવું છે કે આ બોર્ડ સંયુક્ત રાષ્ટ્રનું સ્થાન લઈ શકે નહીં.

**અમેરિકા- ઈરાનમાં પરમાણુ ચર્ચા વચ્ચે ટ્રમ્પે ૨૪ કલાકમાં ૫૦ ફાઈટર જેટ મિડલ-ઈસ્ટ મોકલ્યાં. જેને કારણે ખાડીના દેશોમાં ભારે દહેશતનો માહોલ સર્જાયો છે અમેરિકા ઈરાનના સંબંધો વિશે પણ જાણવું જરૂરી છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૬૨૦ |
| જુવાર સફેદ | ૯૫૦ | ૧૧૮૦ |
| બાજરી | ૨૭૫ | ૩૫૧ |
| મકાઇ | ૨૯૬ | ૩૭૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૫૦ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૦૬૦ |
| ચણા દેશી | ૧૧૦૦ | ૧૬૭૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૪૦ |
| મગ | ૮૦૦ | ૧૮૭૧ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૨૨૬ |
| ચોળી | ૩૦૦ | ૮૦૦ |
| મઠ | ૮૦૦ | ૧૧૧૧ |
| વટાણા | ૮૦૦ | ૧૨૯૦ |
| રાજમા | ૧૨૦૦ | ૧૭૭૪ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૫૫૬ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૦૩ |
| તલી | ૧૪૫૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૪૫ |
| અજમો | ૧૪૦૦ | ૨૦૧૫ |
| સોયાબીન | ૯૬૨ | ૧૦૦૮ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૨૭૭૦ | ૪૬૫૦ |
| લસણ | ૯૦૦ | ૧૪૩૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૦૨૦ |
| મરચા સુકા | ૨૬૦૧ | ૪૬૦૦ |
| ધાણી | ૧૫૦૦ | ૨૩૧૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૪૭૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૮૮૦ | ૧૫૨૪ |
| ઇસબગુલ | ૫૫૦ | ૧૧૦૦ |
| અશેરીયો | ૧૦૪૫ | ૧૦૪૫ |
| કલોંજી | ૪૨૩૫ | ૪૨૩૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૩૫ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૭૧૬ | ૧૪૦૨ |
| પપૈયા | ૮૯ | ૧૪૨ |
| બટેટા | ૯૮ | ૨૦૬ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૯૦ |
| ટમેટા | ૧૧૨ | ૨૧૭ |
| સુરણ | ૮૦૯ | ૧૦૧૯ |
| કોથમરી | ૧૧૧ | ૧૬૮ |
| સકરીયા | ૪૧૩ | ૬૨૦ |
| મુળા | ૪૦૨ | ૫૯૩ |
| રીંગણા | ૩૪૩ | ૬૮૨ |
| કોબીજ | ૬૫ | ૧૧૪ |
| ફ્લાવર | ૧૫૯ | ૩૬૨ |
| ભીંડો | ૭૮૭ | ૧૦૦૯ |
| ગુવાર | ૧૨૩૬ | ૧૯૦૭ |
| ચોળાસીંગ | ૭૧૭ | ૯૯૮ |
| વાલોળ | ૧૭૯ | ૩૦૭ |
| ટીંડોળા | ૬૦૮ | ૧૧૨૯ |
| દુધી | ૧૨૯ | ૨૫૨ |
| કારેલા | ૭૫૧ | ૧૧૩૮ |
| સરગવો | ૬૨૧ | ૧૨૦૭ |
| તુરીયા | ૭૦૩ | ૯૮૨ |
| પરવર | ૧૬૨૮ | ૧૯૦૭ |
| કાકડી | ૧૩૯ | ૪૨૭ |
| ગાજર | ૨૦૮ | ૩૩૨ |
| વટાણા | ૪૨૯ | ૬૭૬ |
| તુવેરસીંગ | ૪૧૨ | ૬૧૮ |
| ગલકા | ૨૪૮ | ૪૭૬ |
| બીટ | ૧૦૬ | ૨૧૪ |
| મેથી | ૧૩૮ | ૨૦૬ |
| વાલ | ૫૨૬ | ૭૩૮ |
| ડુંગળી લીલી | ૨૭૬ | ૪૦૮ |
| આદુ | ૧૦૨૬ | ૧૨૧૮ |
| ચણા લીલા | ૧૦૭ | ૨૫૮ |
| મરચા લીલા | ૪૧૯ | ૬૦૬ |
| હળદર લીલી | ૩૨૬ | ૫૪૮ |
| લસણ લીલું | ૫૪૦ | ૮૮૯ |
| મકાઇ લીલી | ૧૫૯ | ૨૯૨ |

### ગોંડલ★

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૪૬ | ૬૩૪ |
| મગફળી જીણી | ૧૧૩૧ | ૧૬૧૬ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૬૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૪૧ | ૧૨૮૧ |
| ડુંગળી લાલ | ૪૬ | ૨૭૧ |
| અડદ | ૧૦૨૧ | ૧૬૯૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૬૫૧ |
| રાયડો | ૮૯૧ | ૧૧૨૧ |
| રાય | ૧૦૯૧ | ૧૧૬૧ |
| મેથી | ૪૫૧ | ૧૦૪૧ |
| સુવાદાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| કાંગ | ૪૯૧ | ૫૭૧ |
| મગફળી જાડી | ૧૦૮૧ | ૧૫૩૧ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૮૮૧ |
| મગફળી ૬૬ | ૧૧૦૦ | ૧૫૭૧ |
| તલ - તલી | ૧૧૦૧ | ૨૦૫૧ |
| ડુંગળી સફેદ | ૨૧૬ | ૨૭૬ |
| બાજરો | ૨૨૧ | ૩૩૧ |
| જુવાર | ૯૮૧ | ૧૨૩૧ |
| મકાઇ | ૩૪૧ | ૪૩૧ |
| મગ | ૪૦૧ | ૧૯૩૧ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૬ |
| વાલ | ૪૭૧ | ૧૨૦૧ |
| ચોળા / ચોળી | ૪૦૧ | ૮૨૬ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૨૬ |
| ગોગળી | ૮૦૦ | ૧૧૭૧ |
| વટાણા | ૬૨૧ | ૧૨૧૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૮૦ | ૩૪૦ |
| મરચા | ૨૦૦ | ૨૦૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૫૦ | ૩૦૦ |
| કાકડી | ૧૬૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૪૪૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૪૦૦ | ૭૦૦ |
| કેરી કાચી | ૨૦૦૦ | ૪૪૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ચૂરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૩૦૦ |
| વાલોર | ૨૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૩૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨ | ૬ |
| પાલક પુરા | ૧ | ૪ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૩૮૦ | ૧૪૬૦ |
| શિંગ ગીરનાર | ૧૪૩૦ | ૧૪૭૫ |
| શિંગ મોટી | ૯૫૦ | ૧૪૫૫ |
| શિંગદાણા | ૧૧૦૦ | ૧૭૫૧ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૪ | ૧૮૦૦ |
| તલ સફેદ | ૧૪૮૦ | ૨૧૬૫ |
| તલ કાળા | ૨૫૯૦ | ૪૧૫૫ |
| તલ કાશ્મીરી | ૧૯૧૫ | ૧૯૧૫ |
| બાજરો | ૨૦૦ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૮૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૨૫ |
| અડદ | ૫૨૫ | ૧૧૩૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૫૫ |
| સફેદ ચણા | ૬૦૦ | ૯૯૫ |
| તુવેર | ૭૦૦ | ૧૫૧૦ |
| કપાસ | ૧૦૧૫ | ૧૬૧૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૨૭૦૦ | ૪૨૫૦ |
| રાયડો | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ધાણા | ૧૪૫૦ | ૨૧૮૦ |
| ધાણી | ૧૪૨૦ | ૨૮૬૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૨૦ |
| મરચા લાંબા | ૧૨૦૦ | ૬૪૫૦ |
| કાંગ | ૫૫૫ | ૫૫૫ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૪૦ | ૨૩૦ |
| રીંગણા | ૫૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૩૮૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૨૦ |
| શકકરીયા | ૩૫૦ | ૪૫૦ |
| ટમેટાં | ૨૨૦ | ૩૬૦ |
| સુરણ | ૮૦૦ | ૯૩૦ |
| ગાજર | ૨૨૦ | ૩૬૦ |
| દુધી | ૧૪૦ | ૨૧૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૨૨૦ | ૩૧૦ |
| કાકડી | ૩૦૦ | ૪૩૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૨૧૦૦ |
| વાલોળ | ૨૫૦ | ૩૦૦ |
| વટાણા | ૫૦૦ | ૫૬૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૫૦ |
| વાલ | ૬૦૦ | ૬૫૦ |
| ચણા લીલાં | ૮૩૦ | ૯૨૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આમળા | ૯૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૨૫૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૫૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૬૦૦ | ૮૫૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૧૦૧૦ |
| મરચાં લાલ | ૧૨૩૦ | ૧૩૨૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૨૦ |
| લીબુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૫૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૩૬૦ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૩૫૦૦ | ૪૧૨૦ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૫૫૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૪૫ |
| બાજરો | ૩૫૦ | ૫૬૧ |
| જુવાર | ૯૫૦ | ૧૨૧૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૫ |
| તુવેર | ૧૩૧૦ | ૧૫૯૦ |
| એરડી | ૧૧૦૦ | ૧૨૫૫ |
| મેથી | ૯૦૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૧૫૨ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૨૨૦ | ૧૨૫૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૦૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૨૮ |
| તુવેર | ૯૦૫ | ૧૫૦૧ |
| સફેદ ચણા | ૧૦૭૫ | ૧૦૭૫ |
| એરંડા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| બાજરો | ૨૩૦ | ૩૩૫ |
| સોયાબીન | ૧૦૧૦ | ૧૦૧૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૩ |
| ઘઉ લોકવન | ૩૦૦ | ૪૨૬ |
| ઘઉ ટુકડા | ૪૫૫ | ૫૨૭ |
| ચણા | ૮૮૦ | ૧૦૨૮ |
| ધાણા | ૧૭૦૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૮૬૦ | ૧૦૧૧ |
| મગફળી | ૧૧૧૦ | ૧૩૨૦ |
| તુવેર | ૧૧૧૫ | ૧૪૫૦ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૩૨૦ |
| રાય | ૧૧૦૦ | ૧૧૪૦ |
| અડદ | ૯૦૦ | ૯૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૧૮ |
| કપાસ મીડીયમ | ૧૨૦૦ | ૧૩૨૦ |
| મગફળી જી ૨૦ | ૧૧૬૫ | ૧૫૦૫ |
| ચણા | ૯૭૫ | ૧૦૬૫ |
| જીરૂ | ૩૦૧૯ | ૪૪૫૧ |
| ઘઉ | ૪૭૩ | ૫૩૯ |
| તુવેર | ૧૨૩૫ | ૧૪૦૫ |
| ધાણા | ૧૧૧૫ | ૧૮૭૫ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૫૭ |
| મગફળી | ૯૦૦ | ૧૩૪૬ |
| શીંગ ફાડા | ૧૩૦૧ | ૧૪૦૧ |
| ધાણા | ૧૪૦૧ | ૧૯૨૬ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૧૬ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૩૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| એરંડા | ૧૧૨૬ | ૧૨૪૯ |
| જુવાર | ૭૦૦ | ૧૦૧૮ |
| બાજરી | ૩૩૬ | ૬૩૭ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૭૨ |
| અડદ | ૭૦૦ | ૧૩૯૬ |
| મગ | ૮૦૦ | ૨૦૮૦ |
| સોયાબીન | ૯૭૬ | ૧૦૨૬ |
| ચણા | ૯૨૮ | ૧૦૪૮ |
| તલ સફેદ | ૧૮૩૬ | ૧૮૬૦ |
| તલ કાળા | ૨૫૭૦ | ૩૩૦૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૨૧ |
| ધાણા | ૧૪૯૯ | ૧૪૯૯ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૭૭ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૮૭ |
| ડુંગળી સફેદએક્સ | ૨૮૮ | ૫૭૦ |
| નાળીયેર | ૪૮૦ | ૨૬૪૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૪૪૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૬૧૦ |
| ઘઉં | ૩૮૨ | ૫૧૦ |
| રાય | ૧૦૦૦ | ૧૧૫૧ |
| રાયડો | ૮૦૦ | ૧૦૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૮૬ |
| જુવાર | ૭૫૦ | ૧૧૬૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૭૦ |
| મગ | ૮૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૭૩૦ |
| કાંગ | ૪૧૧ | ૫૭૦ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૯૦ | ૧૫૮૧ |
| મગફળી | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ચણા | ૧૦૩૫ | ૧૦૪૬ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૦૦૧ |

### જામનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૦૦ | ૫૦૪ |
| અડદ | ૧૩૨૫ | ૧૫૨૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૪૦ |
| ચોળી | ૧૦૦ | ૩૩૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૬૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ચણાસફેદ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૪૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૪૫૦ |
| તલ | ૧૮૨૫ | ૧૯૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૬૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૪૦ |
| લસણ | ૧૦૦૦ | ૧૩૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૨૫ |
| અજમો | ૧૬૪૦ | ૪૯૦૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૭૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૯૮૦ |
| ધાણી | ૧૯૦૦ | ૨૨૦૦ |
| મરચા | ૧૩૦૦ | ૬૪૦૦ |
| ડુંગળી | ૫૦ | ૨૮૫ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૨૦૦ |


### મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૩૫ | ૧૪૨૬ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૦૦ | ૧૩૫૧ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૯૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૪૪૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૨૦ |
| બાજરો | ૩૩૬ | ૩૫૪ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૩૬ |
| જુવાર | ૬૫૦ | ૧૧૯૧ |
| મગ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| તુવેર | ૧૨૨૫ | ૧૩૧૪ |
| ચણા | ૮૦૦ | ૧૧૮૦ |
| રાય | ૧૧૨૫ | ૧૧૨૫ |

## શબ્દ સંજોગ-૨૧૫૨



**આડી ચાવી :**
(૧) કારીગરનો રજાનો દિવસ (૩)
(૩) શરીર સંબંધી (૩)
(૬) ડૂધો,ડંકો (૩)
(૮) ગણપતિ દાદાને બહુ ભાવે (૩)
(૧૦) રાહદાર,વટેમાર્ગુ (૨)
(૧૨) વેદ ભણેલું (૩)
(૧૩) હંસ (૩)
(૧૫) ફેરો,ધકકો (૨)
(૧૬) શેરડીનો એક રોગ (૨)
(૧૮) હાથી (૪)
(૨૧) ધાતુને રસવીતે (૨)
(૨૨) શેકવાથી ફૂટેલા અનાજના દાણા (૨)
(૨૩) ઉપયોગ,વપરાશ (૩)
(૨૭) દાવપેચ,યુકિત (૩)
(૨૯) વિનોદખન્ના,માધુરી દિક્ષીતની એક ફિલ્મ (આ-અ) (૪)
(૩૧) અતિશય પ્યાર (૨)
(૩૨) બકરીનું બચ્ચું (૩)
(૩૩) એક ચોઘડિયું (૨)

**ઉભી ચાવી :**
(૧) કૃપા,માન (૪)
(૨) નિકાલ,ફેસલો (૨)
(૩) નિશાની ની લીટી (૨)
(૪) એક જાતની ડાંગર (૩)
(૫) પોપટ (૨)
(૭) પુષ્કળ (૨)
(૯) એક તિથી (૩)
(૧૧) રેશમી (૪)
(૧૨) બૂંદ,ટીપું (૨)
(૧૪) નીર,પાણી (અ) (૨)
(૧૫) પાંપણના મૂળ આગળ થતી ફોલ્લી (૩)
(૧૭) સ્ત્રીઓનો સેંથો (૩)
(૧૯) શ્રી કૃષ્ણની પ્રેયસી (૨)
(૨૦) ઈચ્છા,કોડ (૨)
(૨૧) ઢોલ વગાડનાર (૨)
(૨૪) પંજાબનું એક શહેર (૪)
(૨૫) હોમેલુ,બલિરૂપ આપેલું (૨)
(૨૬) ગામની ભાગોળ (૩)
(૨૭) એક મિઠાઈ (૨)
(૨૮) આંકણી,વીંટો (૨)
(૩૦) વ્યોમ,આકાશ (૨)

## શબ્દ સંજોગ-૨૧૫૧ જવાબ

**આડી ચાવી:** (૧) ખાડોખોદે તે પડે (૭) રવ (૮) વારો (૯) કાંડું (૧૦) પીર (૧૧) ખાણું (૧૨) પિતા (૧૩) કાઠી (૧૪) સાટું (૧૫) વાયા (૧૬) વેગ (૧૮) સાણસી (૨૧) રકાન (૨૩) રૌરવ (૨૪) પરમ (૨૬) પડવો (૨૮) જાવક.
**ઉભી ચાવી:** (૧) ખામી (૨) ખોરડું (૩) દેવ (૪) પવાર (૫) ડેરો (૬) ડોયણું (૯) કાંતા (૧૦) પીઠી (૧૧) ખાટું (૧૨) પિપાસા (૧૩) કાયા (૧૪) સાગર (૧૫) વાસી (૧૭) શ્વાન (૧૯) ણધોર (ધોરણ) (૨૦) કારતર (૨૨) કાકડ (૨૪) પછી (૨૫) મજા (૨૬) પદ (૨૭) વોટ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ૧૪૭મો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ યોજાયો

સુરત,તા.૧૯

સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા યોજાયેલા ૧૪૭મા 'વિચારોના વાવેતર' કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે આજના સમયમાં ધંધા-વ્યવસાયમાં માત્ર મહેનત પૂરતી નથી. બિઝનેસ ટ્રેન્ડ એટલે બજાર કઈ દિશામાં જઈ રહ્યું છે અને તેની નબળાઈ-મજબૂતાઈને સમજવું. આ પ્રસંગે ૮ વર્ષના ટૂંકા ગાળામાં ઓનલાઈન વેચાણમાં મોખરું સ્થાન




પ્રાપ્ત કરનાર ઓમ સાંઈ લેટેસ્ટ ક્રિએશનના ફાઉન્ડર અરવિંદભાઈ કસોદરીયાએ અતિથિ વક્તા તરીકે બિઝનેસ ટ્રેન્ડનું મહત્વ સમજાવ્યું. તેઓ રેડીમેઈડ ગારમેન્ટ ક્ષેત્રે ૪૦ થી વધુ પ્રકારના પ્રોડક્ટ અને ૫૦૦ જેટલા રેન્જના માલ સાથે કરોડો રૂપિયાનું વેચાણ કરે છે. તેઓએ જણાવ્યું કે સફળતા માટે જીવનમાં સર્વશ્રેષ્ઠ પ્રદાન કરવું અને હંમેશાં સમય સાથે અપડેટ રહેવું જરૂરી છે. નિવૃત્ત પોલીસ કમિશનર હરિકૃષ્ણભાઈ પટેલે કહ્યું કે સારા કાર્યની શરૂઆત કોઈપણ ઉંમરે કરી શકાય છે અને વિચારોના વાવેતર કાર્યક્રમ સામાજિક જાગૃતિ માટે મોહક બનશે. અગ્રણી જીવરાજભાઈ ખાખરીયાવાળા અને એમેઝોનના સંદીપ કથીરિયા ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું સંચાલન હાર્દિકભાઈ ચાંચડ અને અંકિતભાઈ સુરાણીએ કર્યું.

# ઉનાના તડ ચેકપોસ્ટ નજીક બાઈક સાથે ગાય અથડાતા ડોળાસાના આધેડનું મોત


ઉના,તા.૧૯

ઉના તાલુકાના તડ ચેકપોસ્ટ નજીક રાત્રિના સમયે બાઈક સાથે ગાય અથડાતા ડોળાસા ગામના એક આધેડનું કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું છે. મળતી માહિતી મુજબ, ડોળાસાના ૫૭ વર્ષીય આધેડ મનુભાઈ અમરસિંહભાઈ મોરી પોતાની બાઈક પર દીવથી ડોળાસા તરફ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન તડ ચેકપોસ્ટ પાસે અચાનક એક ગાય રોડ ક્રોસ કરી રહી હતી, જે તેમની બાઈક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં મનુભાઈ રોડની સાઈડમાં ફંગોળાઈ ગયા હતા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.


તસવીર : કૈલાશ ભટ્ટ

ઈજાગ્રસ્ત મનુભાઈને તાત્કાલિક સારવાર અર્થે ઉનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કરતા, તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ઉનાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો હોસ્પિટલ દોડી આવતા ભારે શોકનો માહોલ છવાઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, જ્યાં અવારનવાર આવા અકસ્માતો સર્જાય છે. જેને પગલે સ્થાનિકો દ્વારા તંત્ર પાસે અકસ્માત નિવારવા માટે માંગ કરી છે.

# ગીરગઢડાના ઝુડવડલી-ફાટસર રોડ પર સિંહ પરિવાર દેખાયો



ગીર સોમનાથ,તા.૧૯

ઉના-ગીરગઢડા પંથકના ઝુડવડલી-ફાટસર રોડ પર આજે સાંજે સિંહ પરિવાર દેખાયો હતો. આ ઉપરાંત પાતાપુરમાં પણ સિંહણ જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉના પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહનું આગમન હવે સામાન્ય બની ગયું છે, જ્યાં જંગલ વિસ્તાર કરતાં પણ વધુ સિંહ જોવા મળે છે.

# મજેવડીના દેવતણખી ધામની મુલાકાત લેતા ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા

ધોરાજી,તા.૧૯

ધોરાજી-જુનાગઢ વચ્ચે આવેલો દેવતણખી ધામ મજેવડી ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સંત શ્રી દેવતણખીબાપા અને પુત્રી લીરલબાઈની ચેતન સમાધિના દર્શન કર્યા. આ પ્રસંગે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા, શહેર પ્રમુખ ગૌરવભાઈ



રૂપારેલીયા, વડોદરાના પૂર્વ મેયર ભરતભાઈ ડાંગર, પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ જે.કે. ચાવડા, અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભાના રાષ્ટ્રીય અગ્રણી કિશોરભાઈ રાઠોડ અને મજેવડીના સરપંચ સુરીલભાઈ પોકિયા ઉપસ્થિત રહ્યા. ધામના પ્રમુખ શાંતિભાઈ ગોહેલ, ઉપપ્રમુખ રાજુભાઈ પિત્રોડા, મંત્રી રમેશભાઈ કારેલીયા અને ખજાનચી પ્રવીણભાઈ કારેલીયા દ્વારા ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સૌરાષ્ટ્રભરમાંથી લુહાર પંચાલ સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા. જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે તેમને દેવતણખી દાદાની પ્રસાદી સમાન પાઘડી પહેરાવી સન્માન મળ્યું છે અને તેઓ આ માટે ખૂબ ધન્ય છે.

# ઉના અને સુત્રાપાડા પાલિકા વિસ્તારમાં આવતીકાલથી યોજાશે સ્વદેશી મેળો

ઉના,તા.૧૯

ઉના અને સૂત્રાપાડા નગરપાલિકા વિસ્તારમાં સ્વદેશી મેળાનું આયોજન કરાયું છે. આ મેળો ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. ઉનામાં રાવણા વાડી, ત્રિકોણબાગ ખાતે અને સૂત્રાપાડામાં નગદુર્ગા મંદિર ખાતે તેનું આયોજન કરવામાં આવ્યું છે.રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથની બહેનો, સ્થાનિક ઉત્પાદકો અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુથી આવા સ્વદેશી મેળાઓનું સમયાંતરે આયોજન કરાય છે. 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશ' અને 'લોકલ ફોર વોકલ' અભિયાન હેઠળ આ મેળામાં વિવિધ હસ્તકલા, ભરતગૂંથણ, હેન્ડીક્રાફ્ટ વસ્તુઓ, બાંધણી, માટીકામની વસ્તુઓ, પર્સ અને હર્બલ પ્રોડક્ટ્સ ઉપલબ્ધ રહેશે. સખીમંડળો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ પણ અહીં જોવા મળશે. નગરપાલિકાએ સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથની બહેનો, ઉત્પાદકો, કળા સર્જકો અને નાના ઉદ્યોગકારોને મેળામાં ભાગ લેવા તેમજ વધુને વધુ નાગરિકોને મેળાની મુલાકાત લેવા અનુરોધ કર્યો છે.

# કોડીનારમાં 'શહેરી વિકાસ પર્વ ૨૦૨૫-૨૦૨૬' અંતગર્ત નગરપાલિકા આયોજિત ભવ્ય 'સ્વદેશી મેળા'નો પ્રારંભ

કોડીનાર,તા.૧૯

ગુજરાત સરકારના 'શહેરી વિકાસ પર્વ ૨૦૨૫-૨૬' ની ઉજવણી અંતર્ગત કોડીનાર નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળાનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. સાંજે ૫:૦૦ કલાકે કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શીવાભાઈ સોલંકીના હસ્તે દીપ પ્રાગટ્ય અને સ્ટોલનું ઉદ્ઘાટન કરીને આ મેળાને ખુલ્લો


તસવીર : ધર્મેશ પાઠક

મૂકવામાં આવ્યો હતો. આ સ્વદેશી મેળો આગામી તા. ૨૫-૦૨ (ગુરુવાર) સુધી ચાલશે.

આ મેળામાં ખાણીપીણી સહિતના કુલ ૩૦ જેટલા વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. મેળાનો મુખ્ય હેતુ સ્વ-સહાય જૂથ (સખીમંડળ) ની બહેનો, શેરી ફેરિયાઓ તથા સ્થાનિક નાના વેપારીઓ દ્વારા સ્વદેશી વસ્તુઓનું વેચાણ અને પ્રદર્શન કરવાનો છે. સરકારની 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' ની પ્રેરણાને સાર્થક કરતા આ સ્વદેશી મેળાને સફળ બનાવવા માટે કોડીનાર નગરપાલિકાના ચીફ ઓફિસર ગોહિલના માર્ગદર્શન હેઠળ નગરપાલિકાનો સ્ટાફ ભારે જહેમત ઉઠાવી રહ્યો છે.

# ઉના મહિલા આર્ટસ કોલેજમાં 'વાર્ષિકોત્સવ-૨૦૨૬'ની ભવ્ય ઉજવણી: તેજસ્વી વિદ્યાર્થિનીઓને સન્માનિત કરાઈ

ઉના,તા.૧૯

ઉના તાલુકા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજ ખાતે 'વાર્ષિક મહોત્સવ-૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઉના તાલુકા કેળવણી મંડળના મંત્રી કિરીટભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં સંસ્થાના ટ્રસ્ટીઓ ચંદુભાઈ છગ, સૂર્યકાંતભાઈ ગાંધી અને ચંદ્રેશભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, એચ. એમ.વી. કોલેજ ઉનાના પ્રિન્સિપાલ ધાધલા, ગાંધી કન્યા હાઈસ્કૂલના પ્રિન્સિપાલ દિપ્તીબેન તથા ફાટસર હાઈસ્કૂલના પ્રિન્સિપાલ નરેશભાઈ સહિતના શિક્ષણ જગતના અગ્રણીઓએ પણ હાજરી આપી



હતી. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. લલિતભાઈ બારૈયાએ સ્વાગત પ્રવચન કરી દીકરીઓને શિક્ષણની સાથે અન્ય ક્ષેત્રોમાં પણ પ્રગતિ કરવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મંત્રી કિરીટભાઈ દેસાઈ અને ટ્રસ્ટી ચંદ્રેશભાઈએ તેમના ઉદ્બોધનમાં દીકરીઓને જીવનમાં ઉચ્ચ લક્ષ્યો હાંસલ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

# ટીબી હોસ્પિટલના પ્રણેતા સ્વામી નિર્દોષાનંદજી મહારાજને મરણોત્તર 'પદ્મ સન્માન' આપવા માંગ

**ટ્રસ્ટી બી.એલ. રાજપરા દ્વારા સરકારમાં રજૂઆત કરવામાં આવી**

ટીંબી,તા.૧૯

ગુજરાતની સર્વપ્રથમ તદન નિ:શુલ્ક આરોગ્ય સેવાઓ પ્રદાન કરતી ભાવનગર જિલ્લાના ટીંબી ગામની સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલના પ્રણેતા સદગુરુ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી



મહારાજને મરણોત્તર પદ્મ સન્માન (પદ્મવિભૂષણ કે પદ્મભૂષણ) થી વિભૂષિત કરવા માટે માંગ ઉઠી છે. સદગુરુદેવે કરેલા તદન નિ:શુલ્ક આરોગ્યલક્ષી, શૈક્ષણિક અને રાષ્ટ્રહિતના સેવાકાર્યોને ધ્યાને લઈ હોસ્પિટલના સ્થાપક ટ્રસ્ટી બી.એલ. રાજપરા દ્વારા સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

આ માટે ગત તા. ૧૪/૦૧/૨૦૨૬ ના રોજ રાજપરાએ ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલ મહામહિમ આચાર્ય દેવવ્રત અને ભારત સરકારના કેબિનેટ પ્રધાન મનસુખભાઈ માંડવીયાની રૂબરૂ મુલાકાત લઈને લેખિત અને મૌખિક રજૂઆત કરી હતી.

આ અગાઉ ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (તા. ૦૧/૧૨/૨૦૨૫ ના રોજ રૂબરૂ), નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાને પણ લેખિત અને ઈમેલ દ્વારા વિસ્તૃત રજૂઆત કરવામાં આવેલી છે.

આ રજૂઆતોમાં જણાવાયું છે કે, ભારત સરકાર દ્વારા ભૂતકાળમાં રાષ્ટ્રહિત માટે સમર્પિત ઘણા સંતો-મહંતોને પદ્મ પુરસ્કારથી વિભૂષિત કરવામાં આવેલ છે. તે જ રીતે સમાજ માટે નિ:સ્વાર્થ સેવાઓ આપનાર સદ્ગુરુદેવ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજને પણ પદ્મ સન્માનથી સન્માનિત કરવામાં આવે તેવી લાગણી અને માંગણી વ્યક્ત કરવામાં આવી છે.

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૦૩/૨૦૨૬

શ્રી મનસુખભાઈ વાલજીભાઈ માળવીયા
રહે. નાના લીલીયા તા.લીલીયા જિ.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, નાના લીલીયા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી મનસુખભાઈ વાલજીભાઈ માળવીયા માતા શાંતાબેન વાલજીભાઈ માળવીયા મરણ તા.૦૫/૦૨/૨૦૧૫ના રોજ નાના લીલીયા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

# સોમનાથ મંદિર ખાતે હોટલમાં પોલીસનું સઘન ચેકિંગ

ઉના,તા.૧૯

ગીર સોમનાથ જિલ્લામાં સોમનાથ મંદિર ખાતે "સ્વાભિમાન પર્વ" અને વધતી દર્શનાર્થી ભીડને કારણે પ્રભાસ પાટણ વિસ્તારમાં પોલીસે સઘન હોટલ ચેકિંગ અભિયાન હાથ ધર્યું છે. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ કુલ ૭ હોટલ અને ગેસ્ટહાઉસ સંચાલકો સામે ગુનો નોંધી કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.જિલ્લા પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી.

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૦૨/૨૦૨૬

શ્રી મનસુખભાઈ વાલજીભાઈ માળવીયા
રહે.૩૮૦-શુભ લક્ષ્મી સોસા. સરદાર પટેક સ્કુલની પાછળ નાના વરાછા રોડ, સુરત
હાલ:- મુ. નાના લીલીયા તા.લીલીયા જિ.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા નાના ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી મનસુખભાઈ વાલજીભાઈ માળવીયાના પિતા વાલજીભાઈ જીવરાજભાઈ માળવીયાનું મરણ તા.૦૯/૧૨/૨૦૦૯ના રોજ લીલીયા નાના મુકામે થયેલ છે. અને તેમના મરણ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૦૪/૨૦૨૬

શ્રી મગનભાઈ ખોડાભાઈ શીંગાળા
મુ.તા.લીલીયા જિ.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા મોટા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી મગનભાઈ ખોડાભાઈ શીંગાળાના પુત્ર આશીષ મગનભાઈ શીંગાળા નો જન્મ તા.૦૨/૦૪/૧૯૮૭ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી

રજી.નં. નધણ/એએમઆર/સે (શ)૩૯૫૫૨/૧૪

**કાર્યક્ષેત્ર વધારવા જાહેર પ્રસિધ્ધિ**

આથી શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલીનું હાલનું કાર્યક્ષેત્ર અમરેલી, રાજકોટ, અમદાવાદ, સુરત અને જુનાગઢ જીલ્લા પુરતું છે. મંડળીના વિકાસ અર્થે મંડળીનું કાર્યક્ષેત્ર ઉપરોક્ત જીલ્લા ઉપરાંત ગુજરાત રાજ્યના અન્ય જીલ્લા જેવા કે આણંદ, ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર, નર્મદા, પાટણ, પોરબંદર, બોટાદ, ભરૂચ, ભાવનગર, મહેસાણા તથા વડોદરા જીલ્લાનું કરવા અંગે માન. જીલ્લા રજી. સા. અમરેલીને દરખાસ્ત કરેલ છે.જેમાં કોઈપણને વાંધો, તકરાર હોય તો દિન ૧૦માં જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓની કચેરી, બહુમાળી ભવન C બ્લોક, ત્રીજો માળ, અમરેલી.

સ્થળ -અમરેલી, ૩૬૫૬૦૧
સરનામું: ભીડભંજન ચોક,
હીરકબાગ શોપીંગ સેન્ટર,
પહેલો માળ, અમરેલી
મો. ૯૯૦૯૫૨૩૩૩૮

સહી
મંત્રીશ્રી,
(ભરતભાઈ બી. દુધરેજીયા)
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી.
અમરેલી.

# ખેડાની પ્રાથમિક શાળાના શિક્ષકે વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ આચરતા શિક્ષણ જગત શર્મસાર

ખેડા,તા.૧૯



ખેડાના ઠાસરા તાલુકાના ચિતલાવ ગામની પ્રાથમિક શાળાના એક શિક્ષકે પોતાની પૂર્વ વિદ્યાર્થિની સાથે અત્યંત નરાધમ હેતુએ દુષ્કર્મ કર્યુ છે. શૈલેષ રાઠવા નામના આ શિક્ષકે ધોરણ ૮ દરમિયાન પીડિતાને વારંવાર હેરાનગતિ કરી હતી. ધોરણ ૮ પૂર્ણ કર્યા પછી, પીડિતા વધુ અભ્યાસ માટે સાવલી ગઈ, જ્યાં પરિવારને આશા હતી કે દીકરી સલામત રહેશે. પરંતુ શૈલેષનું વિકૃતિભર્યું વર્તન ત્યાં પણ ચાલુ રહ્યું.

આ દરમિયાન, આરોપી શિક્ષકે પીડિતાની અનુસરણ શરૂ કરી અને અંતે દુષ્કર્મ આચર્યું. ઘટનાની જાણ થતા પીડિતાના પરિવારના પગ નીચે જમીન સરકી ગઈ હતી તેમ છતાં, પરિવારે હિંમત હારી નહી અને તાત્કાલિક ડાકોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ડાકોર પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે અને શૈલેષ રાઠવા વિરુદ્ધ પોક્સો એક્ટ અને ભારતીય દંડ સંહિતાની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આરોપીની ધરપકડ માટે પોલીસ કાર્યરત છે. સ્થાનિકો આ ઘટનાથી આક્રોશિત છે અને ગુનાખોરને કડક સજા આપવાની માંગ કરી રહ્યા છે. આ ઘટનાએ ખેડાના શિક્ષણ જગતમાં ભારે શોક અને વાલીઓમાં રોષ ફેલાવ્યો છે. સામાજિક સ્તરે લોકો બાળ સુરક્ષા અને શિક્ષક-વિદ્યાર્થી વિશ્વસનીયતા માટે કડક પગલાં લેનાની જરૂરિયાતનું ઉલ્લેખ કરી રહ્યા છે.

# સુરત એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની સતર્કતાથી કરોડો રૂપિયાનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો


સુરત,તા.૧૯



હીરાનગરી તરીકે ઓળખાતું સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હવે દાણચોરો માટે જોખમી સાબિત થઈ રહ્યું છે. સુરત એરપોર્ટના કસ્ટમ્સ વિભાગે મોટી કાર્યવાહી કરતા બેંગકોકથી આવેલા જયપુરના બે મુસાફરો પાસેથી આશરે ૬.૪ કિલો હાઈબ્રિડ ગાંજો જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલા આ નશીલા પદાર્થની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે ૬.૫ કરોડ રૂપિયા હોવાનું અનુમાન છે. બંને આરોપીઓને કાયદેસરની કાર્યવાહી હેઠળ ધરપકડ કરવામાં આવી છે.માહિતી મુજબ, ૧૮ ફેબ્રુઆરીની રાત્રે **Air India Express** ની ફ્લાઈટ નંબર **IX-263** દ્વારા બેંગકોકથી સુરત આવેલા મુસાફરોનું રૂટિન ચેકિંગ અને પ્રોફાઈલિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન જયપુરના બે પુરુષ મુસાફરોની હિલચાલ શંકાસ્પદ જણાતા કસ્ટમ્સ અધિકારીઓએ તેમને રોકી સઘન પૂછપરછ કરી હતી. તપાસ દરમિયાન મુસાફરોના ચેક-ઈન સામાનમાંથી ૩૦ વેક્યુમ-પેક્ડ પારદર્શક પોલીથીન પેકેટ્સ મળી આવ્યા હતા. દરેક પેકેટમાં લીલા પાંદડાની જેમ દેખાતો પદાર્થ સાવચેતીપૂર્વક છુપાવવામાં આવ્યો હતો. ડ્રગ ડિટેક્શન કિટથી તપાસ કરતા આ પદાર્થ હાઈબ્રિડ ગાંજો હોવાનું નિશ્ચિત થયું હતું.

# ભાવનગર શહેરમાં મસાજ પાર્લરની આડમાં દેહ વેપારના ધંધાનો પર્દાફાશ

ભાવનગર,તા.૧૯



ભાવનગર શહેરના નીલમબાગ પોલીસ સ્ટેશનના જવાનો તથા મહિલા પોલીસ અધિકારીઓ અને મહિલા પોલીસ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ગેરકાયદે મસાજ પાર્લરની આડમાં ચાલતા દેહ વેપારના ધંધાઓનો પર્દાફાશ કર્યો છે અને સ્પા સેન્ટરોમાંથી મહિલાઓ અને યુવતીઓને મુક્ત કરાવી છે. આ મામલે ૪ મહિલા અને ૯ પુરુષ સહિત ૧૩ શખ્સોઓ વિરુદ્ધ જુદી જુદી ચાર ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ બનાવ અંગે નીલમબાગ પોલીસ મથકેથી જણાવા મળતી વિગતો અનુસાર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી મસાજ પાર્લરોની આડમાં અનૈતિક ધંધા કરી મહિલાઓ યુવતીઓ પૂરી પાડી ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવવામાં આવતી હોવાની માહિતી એસપી નિતેશ પાંડેને મળી હતી.

# સુરત ઝવેરી બજારમાં ૬૦૦ કરોડનો બિનહિસાબી વેપાર, રૂ.૧૮ કરોડની જીએસટી ચોરી ઝડપાઈ

સુરત,તા.૧૯



સુરતના ઝવેરી બજારમાં જીએસટી ચોરીનો મોટો કૌભાંડ સામે આવ્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અંદાજે ૫૭૫-૬૦૦ કરોડના બિનહિસાબી વેપાર દ્વારા ૧૭-૧૮ કરોડની જીએસટી ચોરી થઈ છે. આ ઘટના શહેરના ઝવેરી બજારમાં ભારે ખળભળાટ મચાવી રહી છે અને તેને અત્યાર સુધીની સૌથી મોટી ટેક્સ ચોરીના કેસોમાં ગણવામાં આવી રહ્યું છે.

ડાયરેક્ટરેટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (DGSTI) સુરત ઝોનલ યુનિટે બાતમી પર ચોકસી બજારમાં આવેલી એક નાનકડી ઓફિસ પર દરોડો કર્યો હતો. દરોડા દરમિયાન યતીનકુમાર સુમતીલાલ શાહ (ઉર્ફે યતીન શાહ), પ્રોપ્રાઈટર ઓફ સુમિત સિલ્વર સામે આવ્યા. તપાસમાં ખુલાસો થયો કે છેલ્લા ત્રણ વર્ષમાં તેમણે ૬૦૦ કરોડથી વધુના ચાંદીના બુલિયન અને દાગીના બિલ વગર રોકડ આધારિત વેચાણ કર્યું હતું. મોટા ભાગના વ્યવહારો લાલ ડાયરીમાં જ "કાચા" રૂપમાં નોંધાયા હતા, અને કોઈ અધિકૃત એકાઉન્ટિંગ સિસ્ટમ અથવા જીએસટી રજિસ્ટ્રેશન ઉપયોગમાં ન આવ્યું હતું.

# બાબરા સહિત રાજયના ૫૯ ટીડીઓની સામુહિક બદલી


**સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂર્વે જ બદલી કરવામાં આવી**

ગાંધીનગર,તા.૧૯

આગામી સમયમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે. તે પૂર્વે ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે મોટો વહીવટી નિર્ણય લીધો છે. બાબરાના તાલુકા વિકાસ અધિકારી સહિત રાજ્યભરમાં કાર્યરત તાલુકા વિકાસ અધિકારીઓ (TDO) સહિતના અધિકારીઓની વ્યાપક બદલીના આદેશ બહાર પાડવામાં આવ્યા છે. તાજેતરમાં જાહેર કરાયેલા આ હુકમ મુજબ ૫૯ TDOને એક તાલુકા અથવા જિલ્લાથી બીજા તાલુકા-જિલ્લામાં બદલી કરવામાં આવી છે. કેટલાક અધિકારીઓને સ્વવિનંતી આધારે, જ્યારે કેટલાકને જાહેર હિત અને વહીવટી સુચારુતા માટે નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. જે ૫૯ ટીડીઓની બદલીના આદેશ કરાયા છે.

# અમદાવાદમાં બાળકોને મેચ જોવા મફતમાં લઈ ગયા બાદ પરત ફરતી વખતે રીક્ષામાં ઘેટા-બકરાની જેમ બેસાડ્યા

અમદાવાદ,તા.૧૯



નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગઈકાલે ઈન્ડિયા અને નેધરલેન્ડ વચ્ચે મેચ યોજાઈ હતી.મેચમાં સ્ટેડિયમ ભરવા AMCની સ્કૂલના બાળકોને વિનામૂલ્યે સ્ટેડિયમમાં લઈ જવામાં આવ્યા હતા.બાળકોને મેચ જોવા લઈને તો આવ્યા પરંતુ પરત ફરતી વખતે એક એક રીક્ષામાં ૮ થી ૧૦ બાળકોને RTOના નિયમો નેવે મૂકીને જીવના જોખમે લાવવામાં આવ્યા હતા.સામાન્ય રીતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટિકિટથી જ પ્રવેશ આપવામાં આવે છે પરંતુ ગઈકાલની મેચમાં સ્ટેડિયમમાં જગ્યા વધુ હોવાથી વિદ્યાર્થીઓ મેચ જોવાના બહાને જગ્યા ભરવા લઈ જવામાં આવ્યા હતા.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અલગ અલગ સ્કૂલના વિદ્યાર્થીઓને સ્ટેડિયમમાં મેચ જોવા લાવવામાં આવ્યા હતા.વિદ્યાર્થીઓને વિના મૂલ્યે મેચ બતાવવામાં આવી હતી.મેચ જોઈને જ્યારે પરત આવવાનું થયું ત્યારે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને એક એક રીક્ષામાં ઘેટા બકરાની જેમ ખીચો ખીચો ભરીને લઈ જવામાં આવ્યા હતા.રીક્ષામાં ૩ની સાથે કેપેસિટી હોવા છતાં એક રીક્ષામાં ૮ થી ૧૦ બાળકોને લઈ જવામાં આવ્યા હતા.RTOના નિયમો નેવે મૂકીને અને બાળકોના જીવના જોખમે રીક્ષામાં બેસાડવામાં આવ્યા હતા.

# ગાંધીનગર ખાતેથી અદ્યતન 'નિયોનેટલ એમ્બ્યુલન્સ'ને લીલીઝંડી આપતા નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી

ગાંધીનગર,તા.૧૯



ગાંધીનગર ખાતે રાજ્યના આરોગ્ય ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. હર્ષ સંઘવીના હસ્તે અને પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં ૧૦૮ સેવા હેઠળ ૧૧ નવી અદ્યતન 'નિયોનેટલ એમ્બ્યુલન્સ'ને સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગરથી લીલી ઝંડી અપાઈ છે. કાર્યક્રમમાં રાજ્યના નાણાંમંત્રી કમલેશ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નવી શરૂ કરાયેલ આ એમ્બ્યુલન્સમાં વેન્ટિલેટર, ઈન્ક્યુબેટર સહિત જીવનરક્ષક આધુનિક તબીબી ઉપકરણો ઉપલબ્ધ રહેશે, જેથી ગંભીર હાલતમાં રહેલા નવજાત શિશુઓને એક આરોગ્ય કેન્દ્રથી સુવિધાસભર મોટી હોસ્પિટલ સુધી સલામત રીતે પહોંચાડી શકાશે. અંતરિયાળ વિસ્તારોમાં જન્મેલા ગંભીર સ્થિતિના શિશુઓ માટે આ સેવા જીવનદાયી સાબિત થશે. આ ૧૧ નિયોનેટલ એમ્બ્યુલન્સ સાબરકાંઠા, મહેસાણા, પાટણ, સુરત, ડાંગ, તાપી, જુનાગઢ અને રાજકોટ જિલ્લાના વિવિધ આરોગ્ય કેન્દ્રોમાં કાર્યરત થશે.

# સુરત શહેરમાં ચિરાગ ગોટીનું પોલીસ દ્વારા બીજીવાર જાહેરમાં સરઘસ અને રિકન્સ્ટ્રક્શન

સુરત,તા.૧૯



સુરતના સરથાણા વિસ્તારમાં માથાભારે શખ્સ ચિરાગ ગોટી અને તેના ભાઈ નિરાંત ગોટી સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ટ્રાવેલર્સ પાસેથી રૂ. ૧૮.૭૫ લાખની છેતરપિંડી અને રિવોલ્વર બતાવી ધમકાવવાના કેસમાં બંનેની ધરપકડ કરવામાં આવી હતી. આજે પોલીસ દ્વારા આરોપીઓને દોરડાથી બાંધીને ઘટનાસ્થળે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ગુનાનું રિકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૪૮ કલાકમાં આ બીજી વખત છે જ્યારે પોલીસે ચિરાગને જાહેરમાં લાવી તેનો ડર દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોમાં ચિરાગ એક યુવકને લાકડીથી નિર્દયતાપૂર્વક મારી રહ્યો હતો. આ ભોગ બનનાર યુવક, પાર્થ મિયાણી, રિકન્સ્ટ્રક્શન સમયે જાતે હાજર રહ્યો હતો.

# મૃગીકુંડમાં સ્નાન કરવા બદલ કિર્તી પટેલ સામે વધુ એક ફરીયાદ નોંધાઈ

જૂનાગઢ,તા.૧૯



જૂનાગઢના સુપ્રસિદ્ધ ભવનાથ ક્ષેત્રમાં મહાશિવરાત્રિના મેળા દરમિયાન મૃગીકુંડમાં સ્નાન કરવાના મામલે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કીર્તિ પટેલની મુશ્કેલીઓ હવે બેવડાઈ છે. ગઈકાલે પોલીસની ફરજમાં રુકાવટ કરવા બદલ ગુનો નોંધાયા બાદ આજે ફરી એકવાર કીર્તિ પટેલ વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ છે. આ ફરિયાદ ભાલકાતીર્થ નજીક આવેલા નિરાલી ખોડિયાર ઉદાસીન આશ્રમના મહામંડલેશ્વર સ્વામી બજરંગદાસ ઉદાસીન બાપુ દ્વારા નોંધાવવામાં આવી છે. સદીઓ જૂની ધાર્મિક પરંપરાનો ભંગ કરવા અને મૃગીકુંડની ગરિમાને ઠેસ પહોંચાડવા બદલ આ ગુનો નોંધવામાં આવ્યો છે.

# પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાંથી રૂા. ૧૦ લાખનો ગાંજો ઝડપી પાડતી પોલીસ

સુરત,તા.૧૯



ગુજરાતમાં નશાકારક પદાર્થોની હેરાફેરી નેસ્ત-નાબૂદ કરવા માટે ચલાવવામાં આવી રહેલા 'મિશન સેફ સ્ટેશન' અભિયાન હેઠળ રેલવે પોલીસને મોટી સફળતા મળી છે. પશ્ચિમ રેલવે વડોદરાની એસ.ઓ.જી. અને એન.ડી. પી. એસ. ડેડીકેટેડ ટીમે પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાંથી ૧૦.૪૮ લાખની કિંમતનો ૨૦.૯૭૫ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડયો છે. મળતી માહિતી પ્રમાણે, ગતરોજ વડોદરા રેલવે એસ.ઓ.જી.ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.પી. રવિયા અને તેમની ટીમ પુરી-ગાંધીધામ એક્સપ્રેસ (ટ્રેન નં.૧૨૯૯૪)માં પેટ્રોલિંગમાં હતી. ત્યારે કોચ નં. એસ/૫ અને એસ/૬ના કોરીડોરમાંથી ત્રણ શંકાસ્પદ બેકપેક મળી આવ્યા હતા. તપાસને આગળ ધપાવતા એસ/૫ કોચના બાથરૂમ નંબર ૩ની ઉપરના પાટિયાના બોલ્ટ ખોલી તપાસ કરતા તેમાંથી વધુ ત્રણ હાથથેલીઓ મળી આવી હતી.



